સુવિચાર

પ્રત્યેક નવી સવાર નવી તકો લાવે છે, ઉઠો અને તેનો લાભ લો...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



લોધીકાના પીપળીયા (પાળ) અને ધોરાજીમાં જુગાર રમતા ૧૧ પત્તાપ્રેમી ઝડપાયા P-4

Year-16, Issue-63 ■ DATE : 20-06-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વિશ્વ યુદ્ધના ભણકારાઃ ઈરાન-ઇઝરાયલ વચ્ચેનો તણાવ ચરમસીમાએ





## યુદ્ધના ૮માં દિવસે ઈરાને ઈઝરાયલ પર ક્લસ્ટર બોમ્બ ઝીંકી તબાહી મચાવી, હિઝબુલ્લાહનો ટેકો

**મુખ્ય સમાચાર, તહેરાન**

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. બંને દેશો એકબીજા પર ભારે હુમલો કરી રહ્યા છે. કાલે રાત્રે ઈઝરાયલે ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર બોમ્બમારો કર્યો હતો જેના બાદ ઈરાને પણ બદલો લીધો. ઈઝરાયલી સેનાએ કાલે જણાવ્યું હતું કે, 'ઈરાને નાગરિકોને ભારે જાનહાનિ પહોંચાડવાના હેતુથી ક્લસ્ટર બોમ્બ લઈ જતી મિસાઈલ છોડી હતી. આ યુદ્ધમાં ક્લસ્ટર મિસાઈલોનો ઈરાન દ્વારા પહેલીવાર પ્રયોગ કરાયો હતો.' બીજી તરફ, લેબેનોનના હિઝબુલ્લાહે ખુલ્લેઆમ ઈરાનને ટેકો આપ્યો છે.

ઈઝરાયલી મીડિયાના અહેવાલો અનુસાર, ઈરાન દ્વારા ઝીંકાયેલી મિસાઈલમાં ઈઝરાયલના મધ્યમાં લગભગ ૪ માઈલ (૭ કિલોમીટર)ની ઊંચાઈએ વિસ્ફોટ થયો હતો, જેના કારણે તેની અંદર રહેલા લગભગ ૨૦ ક્લસ્ટર બોમ્બ ૫ માઈલ (૮ કિલોમીટર)ની ત્રિજ્યામાં વિખેરાઈ ગયા હતા અને તબાહી મચાવી હતી.

ઈઝરાયલ અને ઈરાનના તણાવ વચ્ચે હિઝબુલ્લાહના નેતા શેખ નઈમ કાસિમે ઈઝરાયલ અને અમેરિકાને પડકાર ફેંકતા કહ્યું કે, 'ઈરાનનો પરમાણુ કાર્યક્રમ શાંતિપૂર્ણ છે અને તેનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય વિકાસ માટે છે. ઈરાન સામે વૈશ્વિક વિરોધ તેની પરમાણુ મહત્વાકાંક્ષાઓને કારણે નથી, પરંતુ તેનો વિશ્વાસ, જ્ઞાન અને સ્વતંત્રતાના વલણને કારણે છે, જે દબાયેલા લોકોને શક્તિ આપે છે.'

ગુરુવારે (૧૯મી જૂન) ઈરાને દ્વારા ઈઝરાયલના બીરશેબામાં સોરોકા હોસ્પિટલ પર મિસાઈલ હુમલો કર્યો હતો. જેમાં હોસ્પિટલનો એક ભાગ બળીને ખાખ થઈ ગયો અને ૪૦ લોકો ઈજાગ્રસ્ત થયા. ઈઝરાયલના સંરક્ષણ મંત્રી ઈઝરાયલ કાત્ઝે આ હુમલા માટે ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈને સીધા દોષી ઠેરવતા કહ્યું કે, 'જે વ્યક્તિ હોસ્પિટલો પર હુમલો કરે છે તે આ દુનિયામાં રહેવાને લાયક નથી.'

અહેવાલો અનુસાર, ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ ખુલ્લેઆમ અમેરિકાને યુદ્ધમાં મદદ માટે આમંત્રણ આપી રહ્યા છે, ત્યારે રશિયાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો અમેરિકા આ યુદ્ધમાં કૂદી પડશે, તો તે અત્યંત ખતરનાક પગલું બની રહેશે.

# ડાયમંડ સિટિ સુરત આંતરરાષ્ટ્રીય સાયબર માફિયાઓ માટે હબ બન્યું

## ૨૭૦ દિવસમાં ૧૩ ખાનગી-૧૧ સરકારી બેંકમાં ૧૪૦૫ એકાઉન્ટ ખોલી ૨૬૦૦ કરોડથી વધુનું ફ્રોડ




**મુખ્ય સમાચાર, સુરત**

સુરત ટેક્સટાઈલ અને ડાયમંડ સિટી સુરત હવે આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ કરનારા માફિયાઓ માટે 'હબ' બની રહ્યું હોવાનું સામે આવ્યું છે, કારણ કે છેલ્લા ૯ મહિનામાં જ સુરત પોલીસે મસમોટા સાયબર રેકેટનો પર્દાફાશ કર્યો છે. એમાં ૨૬૦૦ કરોડથી વધુનાં ટ્રાન્ઝેક્શન, જે ૨૦૦૭ બેંક ખાતાંમાં થયાં હતાં એમાંના ૭૦ ટકા બેંક ખાતાં સુરતનાં હોવાનું સામે આવ્યું છે. આમ, ૧,૪૦૫ એકાઉન્ટ સુરતનાં છે. આ એકાઉન્ટ્સમાં વિદેશમાં બેસેલા સાયબરમાફિયાઓ સુરતના લોકોની મદદ લઈ આ બેંક ખાતાંનો સાયબર ક્રાઈમ માટે ઉપયોગ કરી રહ્યા છે. હવે એને અટકાવવા સુરત પોલીસે બેંકો સાથે મળી SOP તૈયાર કરવાનો નિર્ણય કર્યો છે.

સાયબર ફ્રોડના રેકેટની તપાસમાં સુરત પોલીસને કેટલીક ચોંકાવનારી માહિતી મળી છે. સુરતના જે બેંક એકાઉન્ટનો ઉપયોગ થયો છે એમાં કેટલાક એકાઉન્ટ હોલ્ડરોએ તો કમિશન પર એકાઉન્ટ આપ્યાં હતાં, જ્યારે કેટલાક એકાઉન્ટ હોલ્ડરની જાણ બહાર જ તેમના નામે ખાતાં ખોલી સાયબર ક્રાઈમ માટે એનો ઉપયોગ કરાયો હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર બાબતે સુરત પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતે 'દિવ્ય ભાસ્કર' સાથે ખાસ વાતચીત કરી હતી.ચાઈનીઝ ગેંગ દ્વારા દેશભરમાં સાયબર ફ્રોડની ઘટનાઓને અંજામ આપવામાં આવી રહ્યો છે, જેમાં સૌથી મહત્ત્વનો રોલ સુરતમાં ખોલવામાં આવી રહેલાં બેંક એકાઉન્ટનો છે. સુરત ઔદ્યોગિક શહેર છે. અહીં અન્ય રાજ્યોમાંથી લોકો રોજગારી માટે આવતા હોય છે અને મોટી સંખ્યામાં રોજગાર માટે આવેલા શ્રમિકો એટલા ભણેલા હોતા નથી કે તેમને ખબર પડી શકે કે તેમના બેંક એકાઉન્ટનો ઉપયોગ કઈ રીતે થવાનો છે. આ જ કારણ છે કે સાયબરમાફિયાઓ સુરતમાં સૌથી મોટી સંખ્યામાં બેંક એકાઉન્ટ અલગ-અલગ લોકોના નામે ખોલાવતા હોય છે. બેંક એકાઉન્ટ ખોલવાના નામે તેમને ૫,૦૦૦થી ૧૦,૦૦૦ રૂપિયા આપવામાં આવે છે અને ઘણા કિસ્સાઓમાં તો પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે લોકો પૈસાની લાલચમાં પણ બેંક એકાઉન્ટ ભાડેથી આપતા હોય છે.

સુરત પોલીસે અત્યારસુધીમાં જેટલા પણ સાયબર ફ્રોડની ઘટનાઓમાં પર્દાફાશ કર્યા છે એમાં તમામનું આંતરરાષ્ટ્રીય કનેક્શન બહાર આવ્યું છે. ખાસ કરીને દુબઈ, ક્યુબા, થાઈલેન્ડ, સિંગાપોર, પાકિસ્તાન, મ્યાનમારનો સમાવેશ થાય છે. આ તમામ સાયબર ફ્રોડની ઘટનાઓ ચાઈનીઝ ગેંગ દ્વારા ચલાવવામાં આવે છે અને આ ફ્રોડને ચલાવવા માટે ભારત અને ખાસ કરીને સુરતના લોકોના બેંક એકાઉન્ટનો ઉપયોગ થઈ રહ્યો છે.

# અનેક રાજ્યોમાં મેઘરાજાની ધમાકેદાર બેટીંગ

## બિહાર-બંગાળથી લઈને મહારાષ્ટ્ર સુધી બધે પાણી-પાણી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશના ઘણા રાજ્યો અસંખ્ય વરસાદ અને પૂરથી પીડાઈ રહ્યા છે, ઘણી જગ્યાએ એટલો બધો વરસાદ પડ્યો છે કે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે, શહેરો પાણીમાં તરી રહ્યા છે, લોકોના ઘરો પાણીમાં ડૂબી ગયા છે, શેરીઓમાં પૂર આવ્યું છે, રસ્તાઓ પર દરિયો છે. પરિસ્થિતિ એવી છે કે લોકોના જીવ જોખમમાં છે. ગુજરાત, મહારાષ્ટ્ર, બિહાર, ઝારખંડ અને બંગાળ બધા જ પાણીમાં ડૂબી ગયા છે.છેલ્લા બે દિવસમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત, ઝારખંડ, બિહાર અને ઉત્તરપ્રદેશમાં ચોમાસુ પ્રવેશી ચૂક્યું છે. ઉત્તરપ્રદેશના લખનૌ-સીતાપુરમાં આખી રાત વચ્ચે-વચ્ચે વરસાદ પડ્યો. અમેઠીમાં એટલો વરસાદ પડ્યો કે એસપી ઓફિસ અને ગૌરીગંજ પોલીસ સ્ટેશનમાં પાણી ભરાઈ ગયા. ફાયર બ્રિગેડની ટીમે એસપી ઓફિસમાંથી પાણી કાઢી નાખ્યું. તે જ સમયે, વીજળી પડવાથી ૨૪ કલાકમાં ૧૦ લોકોના મોત થયા.

સ્ટીલ સિટીમાં વાહનો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. એક કે બે કાર નહીં... આ વિસ્તારના તમામ વાહનોની છત ઉપર પાણી વહી રહ્યું છે. જ્યાં વાહનો ચાલતા હતા, ત્યાં હોડીઓ ચલાવવાની જરૂર છે. જમશેદપુરના આદર્શ નગરમાં, ત્રણ દિવસ સુધી સતત વરસાદ પડ્યો અને કોલોનીમાં પહેલા માળ સુધી પાણી ફરી વળ્યું. અહીં હજુ પણ ભારે વરસાદની આગાહી છે, જેના કારણે રાંચી સહિત ઝારખંડના પાંચ જિલ્લાઓમાં શુક્રવારે શાળાઓ બંધ રહેશે. રાંચી, ખૂંટી અને પશ્ચિમ સિંહભૂમ જિલ્લામાં આજે બધી શાળાઓ બંધ રહેશે, જ્યારે પૂર્વ સિંહભૂમ અને સરાયકેલા-ખરસાવન જિલ્લામાં ધોરણ ૮ સુધી રજા રહેશે.

ભારે વરસાદ બાદ મહારાષ્ટ્રના ઘણા શહેરોમાં પરિસ્થિતિ વધુ વણસી છે, નાસિક-પુણેની હાલત ખરાબ છે, મુંબઈમાં પણ વરસાદ માટે ઓરેન્જ એલર્ટ છે, બીજી તરફ ગુજરાતના ઘણા શહેરો છલકાઈ ગયા છે, અમદાવાદ, ગાંધીનગર, નવસારી, અમરેલી અને ધાંગ પૂરની સ્થિતિનો સામનો કરી રહ્યા છે, લોકો નીચાણવાળા વિસ્તારોમાં ગામડાઓમાં ફસાયેલા છે.

આ ઉપરાંત, બિહાર અને પમિ બંગાળમાં પણ પરિસ્થિતિ ખરાબ નથી, નદીઓ અને નાળાઓ પૂરમાં છે, બિહારના ઘણા શહેરોમાં નદીઓ પોતાના કાંઠા તોડીને શહેરોમાં પ્રવેશી છે, કયાંક કાર તરતી છે અને કયાંક લોકો ફસાયેલા છે, બંગાળમાં પણ આવી જ સ્થિતિ છે, ભારે વરસાદ બાદ પમિ બંગાળના ઘણા શહેરોમાં પૂરની સ્થિતિ છે.

આ વિસ્તારોમાં થોડા દિવસો સુધી ભારે વરસાદની સ્થિતિ રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે મધ્ય મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ઝારખંડ અને પૂર્વી ઉત્તર પ્રદેશમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. દેશના મોટાભાગના ભાગોમાં ભારે વરસાદ સાથે વીજળી અને ધૂળના તોફાનની ચેતવણી આપવામાં આવી છે.

# આગામી તા.૧થી નવું પાનકાર્ડ કઢાવવા આધારકાર્ડ ફરજીયાત બનશે




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આગામી ૧ જુલાઈથી નવા પાન કાર્ડ માટે આધાર કાર્ડ જરૂરી બન્યુ છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસીઝ (સીબીડીટી)એ આ માહિતી આપી છે. આ પહેલનો ઉદેશ ડીઝીટલીકરણથી ટેકસ દાખલ કરવામાં જવાબદારીને વધારવાનો છે.

હાલના પાન ધારકો પાસે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી કોઈ દંડ વિના પોતાનું આધાર લિંક કરવાનો સમય છે. આમ નહીં કરવા પર તેમનું પાન પછીના વર્ષથી નિષ્ક્રીય થઈ જશે.

રિપોર્ટ અનુસાર ઈન્કમટેકસ પોર્ટલ પર જુલાઈથી પાનકાર્ડ આવેદન કરવા માટે નવા નિયમોને લાગુ કરવામાં આવશે. હાલ, કોઈપણ શખ્સ પોતાનું નામ, બર્થ સર્ટીફિકેટ કે વૈકલ્પિક ઓળખ દસ્તાવેજોનો ઉપયોગ કરીને પાન માટે આવેદન કરી શકે છે.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, આધાર આધારિત વેરિફીકેશનનું પગલું ડિઝીટલીકરણ અભિયાન અને ટેકસ દાખલ કરવામાં જવાબદારી નિશ્ચિત કરવાના પ્રયાસો અંતર્ગત લેવામાં આવ્યું છે.

આનો અર્થ એ છે કે, જો આપ ૧ જુલાઈથી ૨૦૨૫ બાદ નવું આવેદન કરો છો તો આપની પાસે પાનકાર્ડ હોવું અનિવાર્ય રહેશે. આપના પાનકાર્ડ આવેદનને આગળ વધારવા માટે વેરિફીકેશનના આધારે આપના આધારકાર્ડનો ઉપયોગ કરવામાં આવશે.

# માર્ગ અકસ્માત રોકવા તમામ ટુ-વ્હીલર વાહનમાં એન્ટી-લોક બ્રેકીંગ સિસ્ટમ ફરજીયાત બનાવાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

માર્ગ અકસ્માતો રોકવા-વાહનોની સુરક્ષા વધારવા માટે કેન્દ્ર સરકાર વખતોવખત કદમ ઉઠાવી જ રહી છે હવે આગામી ૧લી જુલાઈથી દેશમાં વેચાણ થનારા તમામ ટુ-વ્હીલર (દ્વિચક્રી વાહનો)માં એન્ટી-લોક બ્રેકીંગ સીસ્ટમ ફરજીયાત બનશે. સરકારનાં પ્રસ્તાપિત રેગ્યુલેશન હેઠળ આ નિર્ણય લેવાયો છે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલય દ્વારા આ મામલે તુર્તમાં નોટીફીકેશન ઈસ્યુ કરવામાં આવશે.

સ્કુટર તથા મોટર સાયકલોની માર્ગ અકસ્માતોમાં મોટી સંખ્યા હોય છે તે રોકવાના ઉદેશ સાથે આ નિર્ણય લેવાયો છે. પ્રવર્તમાન નિયમ હેઠળ ૧૫૦ સીસીટીથી વધુના ટુ-વ્હીલરમાં જ એન્ટી-લોકડાઉન સિસ્ટમ ફરજીયાત છે તે હવે તમામ પ્રકારનાં ટુ-વ્હીલરમાં લાગુ થશે.

ટુ-વ્હીલરમાં એકાએક બ્રેક મારવાના સંજોગોમાં એન્ટી-લોક બ્રેકીંગથી વ્હીલ લોક થઈ જાય છે અને તેને કારણે વાહન સ્લીપ કે ક્રેશ થવાનું જોખમ ઘટી જાય છે.

ભારતમાં ૨૦૨૨ માં ૧૫૧૯૯૭ માર્ગ અકસ્માતો થયા હતા તેમાં ૨૦ ટકા ટુ-વ્હીલરના હોવાનું સરકારી રીપોર્ટમાં જણાવાયું હોવાનું ઉલ્લેખનીય છે. ઈન્સ્ટીટયુટ ઓફ રોડ ટ્રાફીક એન્ડ એજયુકેશનનાં ડાયરેકટર રોહીત બાલુજાનાં કહેવા પ્રમાણે આ કદમની લાંબા વખતથી જરૂર હતી.




આડેધડ બ્રેક મારવામાં વાહન પર કાબુ નહીં રહેવાને કારણે સંખ્યાબંધ માર્ગ અકસ્માતો થતા રહ્યા છે. એન્ટી લોક-બ્રેકીંગ સીસ્ટમના સુરક્ષા કાયદા જાણીતા અને સર્વસ્વીકૃત છે.


ભલે આ નવી સિસ્ટમના અમલથી ટુ-વ્હીલરનો ઉત્પાદન ખર્ચ વધશે.કંપનીઓ તે ગ્રાહકોને માથે નાખી દે તે સ્વાભાવીક છે. ટુ-વ્હીલરનાં જુદા જુદા મોડલમાં ૨૫૦૦ થી ૫૦૦૦ નો ભાવ વધારો થવાનું અંદાજી શકાય છે.

જાણકારોના કહેવા મુજબ કોઈપણ ચીજ મોંઘી થાય ત્યારે રીમાંડ પર કામચલાઉ અસર વર્તાય છે પરંતુ પછી નોર્મલ થઈ જાય છે. ઉદ્યોગ સુત્રોનાં કહેવા પ્રમાણે ટુ-વ્હીલરનાં કુલ વેચાણમાં બે તૃતિયાંશ હિસ્સો ૭૫ થી ૧૨૫૫ સીસી એન્જીન ધરાવતાં મોટર સાયકલોનો હોય છે.

ગત નાણાં વર્ષમાં તેનુ વેચાણ ૪.૬ ટકા હોય છે.ગત નાણા વર્ષમાં તેનું વેચાણ ૪.૬ ટકા વધીને ૯૨.૬ યુનિટનું હોય છે. સ્કુટરનું વેચાણ ૧૭ ટકા વધીને ૬૮.૪ લાખ થયુ હતું.

ઈન્ટરનેશનલ રોડ ફેડરેશનના પ્રમુખ કે.કેપિલાનાં કહેવા પ્રમાણે ભારતમાં માર્ગ અકસ્માતોમાં ૪૪ ટકા ટુ-વ્હીલર સામેલ હોય છે. એટલે તેમાં સુરક્ષા પાસા વધારવાનું આવશ્યક હતું જ. ભાવ કરતાં સુરક્ષા વધુ મહત્વની છે. ભારતીય શહેરોમાં ટુ-વ્હીલર લોકોની લાઈફલાઈન છે જાહેર ટ્રાન્સપોર્ટમાં સુધારો છતાં ટુ-વ્હીલર વિના ચાલી શકતુ નથી.

# ભગવતીપરામાં સોપારીના વેપારીના ઘરે તસ્કરોના પરોણાઃ 30 લાખથી વધુની મત્તાની ચોરી








તસવીર : આનંદ જાવીયા

## રાત્રે નવ વાગ્યે પરિવારજનો બહાર ગયા, સવારે આવતા મકાનના તાળા તુટેલા નજરે પડતા પોલીસને જાણ કરીઃ રીક્ષામાં આવેલા ત્રણ તસ્કરો સીસીટીવી કેમેરામાં કેદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામાકાંઠે રેલ્વેના ઓવરબ્રિજ નીચે ભગવતી પરા શેરી નં.૧૫માં આવેલ સોપારીના વેપારીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી રોકડા રૂપિયા ૯.૫૦ લાખ તથા ૨૫ તોલા સોનાના દાગીના મળી અંદાજે રૂ.૩૦ લાખથી વધુની મત્તા ચોરી કરી ગયાની ઘટના પ્રકાશમાં આવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

આ બનાવ અંગે વિગતો આપતા મકાન માલિક દિનેશભાઇ ચૌહાણએ જણાવ્યું હતું કે, તેઓ રેલ્વેના ઓવરબ્રિજ નીચે ભગવતી પરા શેરી નં.૧૫માં છેવાડાના ભાગે કડિયા જ્ઞાતીની વાડીની બાજુમાં રહેતા હોય અને સોપારીનો વ્યવસાઇ કરતા હોય ગત રાત્રીના ૯ વાગ્યે તેમના પરિવારના સભ્યો સાથે બહાર ગયા હતા અને આજે સવારે ઘરે પરત આવતા મકાનના તાળા તુટેલા નજરે પડયા હતા અને ઘર વખરીનો સામાન વેરવિખેર પડયો હતો. ચોરી થયાના અણસાર નજરે પડતા તેઓએ ૧૦૦ નંબરમાં ફોન કરી શહેર પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. કંટ્રોલ રૂમના ઇન્ચાર્જ દ્વારા બી ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવતા પીઆઇ એસ.એસ.રાણે, રાઇટર હિરાભાઇ રબારી સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને ઉચ્ચ અધિકારીઓને ચોરી અંગે જાણ કરવામાં આવતા ડિસીપી ઝોન-૧ સજ્જનસિંહ પરમાર તથા એલસીબીની ટીમ અને ક્રાઇમ બ્રાંચનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી જઇ તપાસ શરૂ કરી હતી. કબાટમાંથી રોકડા રૂ.૯.૫૦ લાખ તથા સોનાના દાગીના ૨૫ તોલા સહિત અંદાજે રૂપિયા ૩૦ લાખથી વધુની મત્તા તસ્કરો ચોરી કરી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે આસપાસના સીસીટીવી ફુટેઝ ચેક કરતા ત્રણ શખ્સો રીક્ષામાં આવ્યા હોવાનું શંકાસ્પદ રીતે જણાતા પોલીસે ફિંગરપ્રીન્ટ નિષ્ણાંત અને ડોગ સ્પોડની મદદ લઇ તસ્કરોનું પગેરૂ મેળવવા પોલીસે કવાયત હાથ ધરી છે.

# ગ્રામ પંચાયત ચૂંટણી અન્વયે જિલ્લા ચૂંટણી તંત્ર સજ્જ

**તા.૨૨ જૂનના રોજ જામનગર જિલ્લાની ૧૮૭ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે; ૪.૪૨ લાખથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે**




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં આવેલ ધ્રોલ, કાલાવડ, જામજોધપુર, જામનગર, લાલપુર તથા જોડિયા તાલુકાઓની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટા ચૂંટણીઓ આગામી તા. ૨૨/૦૬/૨૦૨૫ રવિવારના રોજ યોજાનાર છે. આ અંગેની વિગતો જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર તથા જિલ્લા પોલિસ અધિક્ષક પ્રેમસુખ ડેલુએ પત્રકાર પરિષદના માધ્યમથી રજૂ કરી હતી.ગ્રામ પંચાયત ચૂંટણી - ૨૦૨૫ અન્વયે જામનગર જિલ્લામાં ૨૫૪-સામાન્ય, ૧૦-વિભાજનવાળી, ૨-મધ્યસત્ર તથા ૬૦-પેટા ચૂંટણી એમ કુલ-૩૨૬ ગ્રામ પંચાયતોના જાહેરનામા પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. તે પૈકી, હરીફાઈમાં રહેલ ગ્રામ પંચાયતોમાં ૧૭૪-સામાન્ય, ૬-વિભાજનવાળી, ૧-મધ્યસત્ર તથા ૬-પેટા ચૂંટણી એમ કુલ-૧૮૭ ગ્રામ પંચાયતોમાં મતદાન યોજાનાર છે.

જામનગર જિલ્લામાં કુલ ૬૦ ગ્રામ પંચાયતો સંપૂર્ણ સમરસ થયેલ છે, જ્યારે ૭૯ ગ્રામ પંચાયતોમાં અમુક બેઠકો બિનહરીફ થવાથી તેમજ અમુક બેઠકો ખાલી રહેવાથી મતદાન યોજાનાર નથી. હરીફાઈમાં યોજાનાર ગ્રામ પંચાયતોની સરપંચ તથા વોર્ડની બેઠક માટે અંદાજીત ૨,૨૬,૩૮૬ પુરુષ મતદારો તથા ૨,૧૬,૧૭૮ સ્ત્રી મતદારો મળી કુલ ૪,૪૨,૫૭૭ મતદારો મતદાન કરશે. હરીફાઈ યોજાનાર ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેના કુલ ૪૨૬ મતદાન મથકો નક્કી કરવામાં આવ્યા છે, જે પૈકી ૧૦૧ મતદાન મથકો સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી અન્વયે કુલ ૫૮ ઝોનલ રૂટ નક્કી કરવામાં આવેલ છે, જેમાં રિઝર્વ સહિત ૬૯ ઝોનલ/મદદનીશ ઝોનલની નિમણૂક કરવામાં આવેલ છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અનુસંધાને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને ચૂંટણી આચારસંહિતાનું અસરકારક અમલીકરણ થાય તે માટે કુલ-૧૮ જાહેરનામાઓ બહાર પાડવામાં આવેલ છે. જામનગર જિલ્લામાં સમાવિષ્ટ કુલ ૬ તાલુકાના ૪૨૬ મતદાન મથક ખાતે કુલ ૨૨૪૪ જેટલા સ્ટાફને ચૂંટણી ફરજ સોંપવામાં આવેલ છે. મત ગણતરી કેન્દ્ર ખાતે કુલ-૩૪૦ સ્ટાફને મત ગણતરી ફરજ સોંપવામાં આવનાર છે.ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોની મતદારયાદીમાં નોંધાયેલ કુલ-૧૨૩ સેવા મતદારોને ટપાલ મતપત્રો ઇસ્યુ કરવામાં આવેલ છે. ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોના મતદાન મથકો ખાતે તથા સ્ટ્રોંગરૂમ તેમજ મત ગણતરી કેન્દ્ર ખાતે પોલીસ ફોર્સ તથા હોમગાર્ડ મળી આશરે ૧૯૧૫ જવાન તૈનાત કરવામાં આવશે. જિલ્લામાં નક્કી કરવામાં આવેલ ૬ સ્ટ્રોંગરૂમ તથા ૬ મત ગણતરી કેન્દ્ર ખાતે અંદાજે ૨૪૦ પોલીસ ફોર્સ તથા ૩૦૦ હોમગાર્ડ તૈનાત કરવામાં આવેલ છે. મતદાનનો સમય સવારે ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી નક્કી કરવામાં આવેલ છે. મતદાનના દિવસે તા. ૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) ના રોજ જિલ્લા કક્ષાએ ચૂંટણી અંગેની ફરિયાદો માટે રાઉન્ડ ધ ક્લોક કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવેલ છે. જિલ્લા કક્ષાના કંટ્રોલરૂમના સંપર્ક નં. (૦૨૮૮) ૨૫૪૧૯૬૦ છે. મતદાન તા. ૨૨/૦૬/૨૦૨૫ ના રોજ રજા જાહેર કરવા અંગેનો આદેશ કરવામાં આવેલ છે.પોલીસ અધિક્ષક શ્રી પ્રેમસુખ ડેલુએ વિગતો આપતા જણાવ્યું કે દરેક તાલુકામાં એએસપી તથા ડીવાયએસપી કક્ષાના અધિકારીઓ સહિત ૧૫૦૦ જેટલા જવાનોની નિમણુક કરવામાં આવી છે. ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચૂંટણી પંચની ગાઈડલાઈન મુજબ એલસીબી એસ.ઓ.જી., કયુ.આર.ટી.ની ખાસ ટીમોને પણ ફરજ સોંપવામાં આવી છે.અત્યાર સુધીમાં ૨૦૦૦ જેટલા અસામાજિક તત્વો વિરુદ્ધ પોલીસતંત્રએ અટકાયતી પગલા લીધા છે સાથે જ બે લોકોને તડીપાર કરવામાં આવ્યા છે જ્યારે ૨૦ લાખ જેટલો પ્રોહિબિશનનો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો છે.મતગણતરી તા. ૨૫/૦૬/૨૦૨૫ ના રોજ હાથ ધરવામાં આવશે. આ મતગણતરી જામનગર તાલુકા માટે ડી.કે.વી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જામનગર ખાતે; કાલાવડ તાલુકા માટે જે.પી.એસ. સ્કૂલ, કાલાવડ ખાતે; લાલપુર તાલુકા માટે સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, લાલપુર ખાતે; જામજોધપુર તાલુકા માટે એ.વી.ડી.એસ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુર ખાતે; ધ્રોલ તાલુકા માટે હરધ્રોલ હાઈસ્કૂલ, ધ્રોલ ખાતે; જ્યારે જોડિયા તાલુકા માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જોડિયા ખાતે યોજાશે.

# જામનગર જિલ્લામાં વિવિધ ૧૩૯૬ સ્થળોએ કરાશે યોગ દિવસની ઉજવણી; ૩.૩૧ લાખથી વધુ નાગરિકો થશે સહભાગી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ખાતે જિલ્લા કક્ષાની ઉજવણી કરાશે;મહાનગરપાલિકા કક્ષાની ઉજવણી રણમલ તળાવ ખાતે યોજાશે.વધુમાં વધુ નાગરિકોને વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં સહભાગી થવા જિલ્લા કલેક્ટર શ્રી કેતન ઠક્કર તથા મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી દ્વારા અપીલ.પ્રાચીન ભારતની પરંપરા દ્વારા માનવજાતને મળેલી અમૂલ્ય ભેટ એવી યોગ વિદ્યાને વિશ્વ ફલક પર લાવવા અને માનવજાતને આરોગ્ય, સુખાકારી તથા માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૧૧ ડિસેમ્બર, ૨૦૧૪ ના રોજ સંયુક્ત રાષ્ટ્રસંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. ૨૧મી જૂન એ ઉત્તરીય ગોળાર્ધમાં સૌથી લાંબો દિવસ હોવાથી આ દિવસની પસંદગી કરવામાં આવી. ત્યારબાદ વિશ્વના મોટાભાગના દેશોએ ૨૧મી જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું.આ વર્ષે, ૧૧માં વિશ્વ યોગ દિવસની ઉજવણી ''એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ'' (Yoga for One Earth, One Health) ની થીમ પર કરવામાં આવશે. આ ઉપરાંત, ગુજરાત સરકાર દ્વારા ''સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત'' ની થીમ પણ કેન્દ્રમાં રહેશે. આ ઉજવણી સવારે ૬૦૦ કલાકથી યોગ પ્રોટોકોલ મુજબ યોગ કરીને કરવામાં આવશે.આ અંગે જિલ્લા કાલેક્ટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ તથા પોલીસ અધિક્ષક શ્રી પ્રેમસુખ ડેલુએ વિગતો આપતા જણાવ્યું હતું કે જામનગર જિલ્લા તથા મહાનગરપાલિકા તેમજ તમામ તાલુકા તથા નગરપાલિકા કક્ષાએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. જામનગર જિલ્લા કક્ષાની ઉજવણી રાજ્યના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ, જામનગર ખાતે અને જામનગર મહાનગરપાલિકા કક્ષાની ઉજવણી રણમલ તળાવ ગેટ નં. ૧ ખાતે યોજાશે.તાલુકા




અને નગરપાલિકા કક્ષામાં કાલાવડ ટાઉનહોલ, ધ્રોલ જી.એમ. પટેલ કન્યા વિદ્યાલય, જામજોધપુર ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિ, જોડિયા યુ.પી.વી. કન્યા વિદ્યાલય, લાલપુર વીર સાવરકર હાઈસ્કૂલ અને સિક્કા નગરપાલિકા હાઈસ્કૂલ ખાતે પણ તાલુકા કક્ષાની ઉજવણી થશે.આ ઉપરાંત, જિલ્લાની દરેક ગ્રામ કક્ષા, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, યુનિવર્સિટી, કોલેજો, આઈ.ટી.આઈ., દરેક શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ, આર્મી, નેવી, એરફોર્સના જવાનો, પોલીસ સ્ટેશનો, જિલ્લા જેલ, અને દરેક આરોગ્ય કેન્દ્રો ખાતે પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે.મહાનગરપાલિકા વિસ્તારમાં અન્ય ૧૭ સ્થળોએ પણ ઉજવણી કરાશે, જેમાં અંદાજે ૨૨,૦૦૦ નાગરિકો સહભાગી થશે. સાથે જ, તાલુકા કક્ષાએ ૬ સ્થળોએ, નગરપાલિકા કક્ષાએ ૪ સ્થળોએ, ગ્રામ્ય કક્ષાએ ૧૫૦ સ્થળોએ, ૮૬૫ શૈક્ષણિક સંસ્થાઓ તથા કોલેજોમાં, ૨૫ સ્વૈચ્છિક સંસ્થાઓમાં, ૯૬ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં, ૨૦૫ પેટા આરોગ્ય કેન્દ્રોમાં, ૨૬ પોલીસ સ્ટેશનો અને જિલ્લા જેલ ખાતે પણ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાશે. આમ, સમગ્ર જામનગર જિલ્લામાં વિવિધ સ્થળોએ ૧૧માં વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં અંદાજે ૩,૩૧,૦૦૦ લોકો જોડાશે.

આ ઉપરાંત, વધુમાં વધુ નાગરિકોને વિશ્વ યોગ દિવસમાં સહભાગી થવા માટે જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી સહિતના અધિકારીઓ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# આરોપીની ભત્રીજીને અન્ય વ્યક્તિ સાથે પ્રેમ હોય મૃતક મદદ કરતો હોવાની શંકાએ હત્યા

**મોરબીમાં યુવકની હત્યામાં અન્યનું પ્રેમ પ્રકરણ, સાત શખ્સો વિરૂધ્ધ ગુન્હો નોંધાયો**

### લીલાપર ચોકડી પાસે ધોકા, પાઈપ અને પથ્થર ઝીકી યુવાનને પતાવી દેવાયો



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં લીલાપર ચોકડી નજીક દુકાન પાસે યુવાનની હત્યા કરવા મામલે સાત આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાઇ છે.મૃતક યુવાનના માતાએ હત્યા કેસમાં સાત આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જાહેર કર્યું હતું કે અગાઉ આરોપીની ભત્રીજીને અન્ય યુવાન સાથે પ્રેમ સંબંધ હોય જેમાં મૃતક પ્રેમી યુગલને મદદ કરતો હોવાની શંકાએ અગાઉ ૨૦૧૭મા મૃતક વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી હતી.સાથે જ બે દિવસ પૂર્વે ગાળો બોલવા બાબતે થયેલા ઝઘડા બાદ સાતેય આરોપીઓએ એક સંપ કરી પોતાના પુત્રને મોતને ઘાટ ઉતાર્યો હોવાનું ફરિયાદમાં જાહેર કર્યું હતું. બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ મોરબીની લીલાપર ચોકડી પાસે આવેલ દુકાનમાં ગઈકાલે બપોરના સમયે ગિરીશ નારણભાઈ કણઝારીયા ઉ.૨૭નામના યુવાનની હત્યા કરી નાખવામાં આવતા બનાવ અંગે મૃતકના માતા ભાવનાબેન નારણભાઈ કણઝારીયા ઉ.૪૫ રહે.વજેપર શેરી - ૧૩ રામજી મંદિર વાળી શેરી, મોરબી વાળાએ આરોપી (૧) દિલીપ મહેશભાઈ કણઝારીયા (૨) અરવિંદભાઈ ઉર્ફે મુન્નો ડાયાભાઈ પરમાર (૩) કિશન પ્રભુભાઈ પરમાર (૪) પ્રભુભાઈ ડાયાભાઈ પરમાર (૫) મહેશ ઉર્ફે પાંચો ડાયાભાઈ પરમાર (૬) જગાભાઈ ડાયાભાઈ પરમાર તથા (૭) અમિત મહેશ ઉર્ફે પાચો પરમાર તમામ રહે. મોરબીવાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ભાવનાબેન કણઝારીયાએ નોંધાવેલ ફરિયાદમાં જાહેર કર્યું હતું કે, વર્ષ ૨૦૧૭માં આરોપી મહેશ ઉર્ફે પાંચો ડાયાભાઈની ભત્રીજીને તેના પાડોશમાં રહેતા પ્રકાશ વિનુભાઈ નામના યુવક સાથે પ્રેમ સંબંધ હોય અને તેમનો પુત્ર ગિરીશ બન્નેને મદદ કરતો હોવાની શંકા રાખી પોલીસ ફરિયાદ કરી હતી. તેમજ બે દિવસ પહેલા પણ આરોપી દિલીપ મહેશભાઈ કણઝારીયા સાથે મૃતક ગિરીશને ગાળો બોલવા બાબતે મારા મારી થયેલ હોય જેનો ખાર રાખી તમામ આરોપીઓ એકસંપ કરી આરોપી દિલીપભાઈ મહેશભાઈ કણઝારીયાએ છરીના ઘા મારેલા અને અન્ય આરોપીઓએ લાકડા ધોકા અને લોખંડના પાઈપ વડે માર મારી હત્યા હોવાનું ફરિયાદમાં જણાવ્યું હતું. બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે સાતેય આરોપીઓ વિરુદ્ધ બીએનએસ કાયદાની કલમો મુજબ ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

# દરેડમાં ભઠ્ઠીમાં બ્લાસ્ટ થતાં દાઝી ગયેલા પરપ્રાંતીય શ્રમિકનું સારવારમાં નિપજ્યું મૃત્યુ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના દરેડ જીઆઈડીસી ફેસ-૩માં એક કારખાનામાં રવિવારે અકસ્માત સર્જાયો હતો. એક ભઠ્ઠીમાં ઉકળી રહેલો પિત્તળનો રસ ઉડતા ચાર શ્રમિક દાઝયા હતા. જેમાંથી એક શ્રમિકનું ગઈકાલે મૃત્યુ નિપજ્યું છે. ભઠ્ઠીમાં સંભવિતઃ રીતે ગેસનું પ્રમાણ વધતા બ્લાસ્ટ થયો હતો અને તેના કારણે એક શ્રમિકે જિંદગી ગૂમાવી છે.જામનગરના જીઆઈડીસી ફેસ-૩માં પ્લોટ નં.૩૬૬૨માં આવેલા શાંતિ મેટલ નામના કારખાનામાં રવિવારે સાંજે કેટલાક શ્રમિકો કામ કરતા હતા ત્યારે અચાનક ભઠ્ઠીમાં બ્લાસ્ટ થયો હતો. જેના પગલે ભઠ્ઠીમાં ઉકળી રહેલો પિત્તળનો ગરમ રસ નજીકમાં રહેલા વિજયપાલ તેજારામ (ઉ.વ.૨૧) નામના મૂળ ઉત્તરપ્રદેશના પીલીભીત જિલ્લાના ધનકુની ગામના શ્રમિક સહિત ચારને ઉડ્યો હતો.આ અકસ્માતમાં દાઝી ગયેલા અન્ય ત્રણ શ્રમિક-અનિલ રાજેશભાઈ કમલ, સંજય પાસમલ અને સોમપાલ નામના શ્રમિકોને ૧૦૮ મારફત સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં વિજયપાલનું ગઈકાલે મૃત્યુ નિપજ્યું છે. સોમપાલ તેજારામનું પોલીસે નિવેદન નોંધ્યું છે.

# ભીમનગરમા પાણીની ઈલેકટ્રીક મોટર ચાલુ કરતી વેળાએ વીજ શોક લાગતા યુવકનુ મોત

### મોરબી રોડ ઉપર ટ્રેનની ઠોકરે યુવાનનુ મોત; વાલી વારસની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નાના મવા રોડ પર આવેલા જય ભીમનગરમા રહેતો યુવાન પાણીની ઈલેકક્ટ્રિક મોટર ચાલુ કરવા પ્લગમા પીન ભરાવતો હતો ત્યારે અકસ્માતે વીજ શોક લાગતા યુવકનુ મોત નીપજયુ હતુ. યુવકનાં મોતથી પરીવારમા ગમગીની છ્વાઈ જવા પામી છે. ?

આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ નાના મવા રોડ પર આવેલા જય ભીમનગરમા રહેતો નરશી પાલાભાઈ રાઠોડ (ઉ.વ. ૩૦) સાંજનાં ચારેક વાગ્યાનાં અરસામા પાણીની ઈલેક્ટ્રિક મોટરનો વાયર પ્લગમા ભરાવતો હતો. વીજ શોક લાગ્યો હતો. યુવકને તાત્કાલીક સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડાયો હતો. જયા તેનુ મોત નીપજતા પરીવાર શોકમા ગરકાવ થઇ ગયો હતો. મૃતક યુવાન બે ભાઈ એક બહેનમાં નાનો અને અપરણીત હોવાનુ જાણવા મળ્યુ છે.

બીજા બનાવમા મોરબી રોડ પર રાજલક્ષ્મી સોસાયટી નજીક આશરે ૪૫ વર્ષનો યુવાન ટ્રેન હડફેટે ચડી જતા મોત નીપજયુ હતુ પોલીસે મૃતક યુવકનાં વાલી વારસની શોધખોળ હાથ ધરી છે. બનાવ અકસ્માતનો કે આપઘાતનો તે દિશામા તપાસનો દોર લંબાવ્યો છે.

# રાજકોટમાં ગુજસીટોકના ગુનામાં વોન્ટેડ ઝડપાયો

### મારામારી, દુષ્કર્મ સહિતના ૧૧થી વધુ ગુનામાં સંડોવાયેલા શખ્સના જામીન રદ થતાં ફરાર થઇ ગયો'તો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજસીટોકમાં જામીન રદ થયા બાદ નાસતા ફરતા ભીસ્તીવાડના કુખ્યાત એઝાઝ ઉર્ફે ટકો અકબર ઉર્ફે હકુભા ખીયાણી (ઉ.વ.૪૦)ને ક્રાઈમ બ્રાંચે ઝડપી લઈ પ્ર.નગર પોલીસને સોંપી દીધો હતો.૨૦૨૦માં અન્ય આરોપીઓ સાથે એઝાઝ વિરૂધ્ધ પ્ર.નગર પોલીસ મથકમાં ગુજસીટોકનો ગુનો નોંધાયો હતો. જેમાં તેના સેશન્સ કોર્ટે રેગ્યુલર જામીન રદ કરી સીઆરપીસીની કલમ ૭૦ મુજબનું વોરંટ ઈશ્યુ કર્યું હતું. જેને કારણે ઘણાં સમયથી પોલીસ તેને શોધતી હતી.પરંતુ હાથમાં આવતો ન હતો.

આખરે ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી. જેના આધારે પીએસઆઈ એમ.કે. મોવલીયાએ તેને ભાવનગર રોડ પરથી ઝડપી લીધો હતો. તેના છે વિરૂધ્ધ ગુજસીટોક ઉપરાંત અપહરણ, મારામારી, જુગારધારા સહિતના ૧૧ ગુના શહેરના જુદા-જુદા પોલીસ ક મથકમાં નોંધાયેલા છે.

# જાગનાથ વિસ્તારમાં ખાડા-કિચડના સામ્રાજયથી લોકો હેરાન-પરેશાન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના પોશ વિસ્તાર ગણાતા જાગનાથ અને ન્યુ જાગનાથ વિસ્તાર મ્યુનિ. કોર્પોરેશનના પાપે હાલ કદરૂપા બની ગયા છે. પાણીની પાઈપલાઈન નાખવામાં આવ્યા બાદ ફોલોઅપ એકશન નહીં લેવાતાં દરેક શેરીઓમાં ઉંડા ઉંડા ખાડા, ગારા કિચડનું સામ્રાજય સર્જાયું હોવાનું જણાય છે. આ વિસ્તારના લોકોની ફરિયાદ છે કે છેલ્લાં બે મહીનાથી આ વિસ્તારના હજારો લોકો નર્કાગાર જેવી પરિસ્થિતિનો સામનો કરી રહ્યાં છે છતાં આ વિસ્તારના કોર્પોરેટરો અને મ્યુનિ.તંત્ર ભરનિંદ્રામાં હોય તેવું લાગે છે.

રાજકોટ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા આ વિસ્તારમાં પાણીની પાઈપલાઈન નાખવાનું કામ બે મહીના પહેલાં શરૂ કરાયુ હતું જે હજુ ચાલુ છે. કામ થાય તે સારી વાત છે પરંતુ તે પછી ફોલોઅપ એકશન નહીં લેવાતાં પ્રજામાં રોષની લાગણી ફેલાવા પામી છે. લોકોનું કહેવું છે કે પાણીની પાઈપલાઈન નાખવામાં આવ્યા બાદ તરત જ ખાડા બુરવાનું અને તેના ઉપર થીગડા મારવાનું અથવા તો ડામર કામ શરૂ થવું જોઈએ પરંતુ આ કામ હજુ શરૂ થયું નથી અને હાલ વરસાદ પડતા દરેક શેરીઓમાં ઉંડા ઉંડા ખાડા અને ગારા કિચડ જોવા મળી રહયાં છે. કોઈ અકસ્માત થાય તે પૂર્વે વહેલી તકે કોર્પોરેશને જાગીને આ વિસ્તારમાં કામકાજ શરૂ કરવું જોઈએ તેવી પ્રજાની માંગણી છે.

આ અંગે આ વિસ્તારના લોકોની માંગણી છે કે વહેલી તકે કોર્પોરશને દરેક શેરીઓમાં મોરમ પાથરવી જોઈએ કે જેથી કોઈ રાહદારી કે વાહનચાલક ખાડામાં ન પડે એટલું જ નહીં ઉઘાડ પડયે ત્વરીત ડામરકામ પણ કરી દેવું જોઈએ કે જેથી લોકોની મુશ્કેલીનો અંત આવે. લોકોનું કહેવું છે કે પાઈપલાઈન નાખવામાં આવે તે સામે કોઈ વાંધો નથી પરંતુ તેની સાથો સાથ યોગ્ય રીતે ખાડા બુરાય અને રસ્તા સમથળ થાય તે પણ જરૂરી છે. આ વિસ્તારના લોકોનું એવું પણ કહેવું છે કે મત માંગવા દોડી આવતાં કોર્પોરેટરોને હાલ આ વિસ્તારની નર્ક જેવી સ્થિતિ દેખાતી નથી એ આશ્ચર્યજનક ગણી શકાય.

# જયરાજ પ્લોટમાં ત્રીજા માળેથી અકસ્માતે પટકાયેલા શ્રમિક યુવાનનું મોત

### યુવકના મોતથી શ્રમિક પરિવારમાં કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જયરાજ પ્લોટમાં બિલ્ડીંગના ત્રીજા માળેથી પડી જતાં પશ્ચિમ બંગાળના યુવાનનું ગંભીર થતાં ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ, મુળ પશ્ચિમ બંગાળનો વતની રંજીત ગંગાધર બીસ્વાસ (ઉ.૪૪) નામનો યુવાન સવારે પેલેસ રોડ પર આવેલા જયરાજ પ્લોટ શેરી નં.૮માં બિલ્ડીંગના ત્રીજા માળેથી કોઈ કારણોસર પટકાતા તેને ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે તેનું મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતાં એ ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

# હિરાસર ઇન્ટરનેશનલ એરપોર્ટનો ખર્ચ પાણીમાં: નવ ટર્મિનલમાં ૩૨૬ કરોડનો ખર્ચ છતાં ૪ માસમાં જ ફરી છત ટપકી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઈવે પર હિરાસરમાં સ્થિત રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ ફરી એકવાર વિવાદમાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ સ્વરૂપ ગુજરાતના પ્રથમ ગ્રીનફિલ્ડ એરપોર્ટ પર ૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ રૂ. ૩૨૬ કરોડના ખર્ચે નિર્માણ પામેલા નવા ટર્મિનલની પોલ માત્ર ૪ મહિનામાં જ ખૂલી ગઈ છે. સામાન્ય વરસાદમાં પણ અહી અરાઇવલ કન્વેયર બેલ્ટ પાસે છતમાંથી પાણીનો ધોધ પડતા મુસાફરોનો સામાન પલળી ગયો હતો. આ ઘટનાના ફોટા સોશિયલ મીડિયામાં વાઇરલ થતા તાબડતોબ રિપેરિંગ શરૂ કરવામાં આવ્યું છે, જે ભ્રષ્ટાચારની ચાળી ખાતું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

ટર્મિનલમાં અન્ય જગ્યાએ થોડું પાણી ટપકતું હતું ત્યાં એરપોર્ટ ઓથોરિટી દ્વારા પોતાની ભૂલ છુપાવવા માટે વૃક્ષના કુંડા મુકી દીધા હતા. રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ શરૂ થયાને બે વર્ષ વિતી ગયા હોવા છતાં એક પણ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ હજુ સુધી શરૂ થઈ નથી, જ્યારે એક પછી એક અસુવિધાઓના વીડિયો સામે આવી રહ્યા છે. વાઇરલ થયેલી તસવીરોમાં પાણીથી મુસાફરોને પડી રહેલી પારાવાર મુશ્કેલી સ્પષ્ટ દેખાય છે. જોકે, આ તસવીરો સોશિયલ મીડિયામાં વાઇરલ થતા એરપોર્ટ ઓથોરિટીના અધિકારીઓ સફાળા જાગી ગયા અને તુરંત જ ટર્મિનલમાં જ્યાં જ્યાંથી પાણી ટપકે છે ત્યાં રીપેરીંગ કામગીરી શરૂ કરી દેવામાં આવી.

રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ સતત વિવાદોમાં આવતું રહ્યું છે. અગાઉ ટર્મિનલમાં કેનોપી તૂટવાની સાથે દિવાલ ધરાશાયી થઈ જવી જેવી સમસ્યાઓ સામે આવી હતી. હંગામી એરપોર્ટ ટર્મિનલનો જ્યારે પ્રારંભ થયો તેના પહેલા જ દિવસે શૌચાલયમાં પાણી ખૂટી ગયું હોવાથી



બોટલ લઈને શૌચાલયમાં જવું પડતું હોવાના વીડિયો સામે આવ્યા હતા, જેને લઈને ખૂબ જ મોટો વિવાદ પણ સામે આવ્યો હતો. તે સમયે ટેન્કરથી પાણી મંગાવવું પડતું હતું, જોકે હવે પાઈપલાઈન નંખાઈ જતા તે સમસ્યા દૂર થઈ છે.

રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપરથી હાલ ઈન્ડિગો અને એર ઇન્ડિયા સહિતની એરલાઈન્સ મળી મુંબઈની ૫, દિલ્હીની ૨ ઉપરાંત હૈદરાબાદ, પુણે અને બેંગ્લોર જવા માટે ફ્લાઈટ ઉડાન ભરી રહી છે. અહીંથી દૈનિક ૩૦૦૦થી વધુ મુસાફરોની અવરજવર રહે છે અને એક વર્ષમાં ૧ મિલિયન મુસાફરોની અવરજવરનો રેકોર્ડ છે. ૨૩૦૦૦ ચોરસ મીટર જગ્યામાં ફેલાયેલા નવા ટર્મિનલ બિલ્ડિંગનું ૯ ફેબ્રુઆરી, ૨૦૨૫માં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અહીં ૧૪ એરક્રાફ્ટ પાર્કિંગ સુવિધા, ૨૫૬ જેટલા સીસીટીવી કેમેરા, ૪ એરોબ્રિજ અને એકસાથે ૧૮૦૦ મુસાફરો હેન્ડલ કરી શકાય તેવી સુવિધા ઉભી કરવામાં આવી છે. આ ટર્મિનલમાં એર ટ્રાફિક કંટ્રોલ () ટાવર પણ છે. જોકે, આટલા ખર્ચ અને સુવિધાઓના દાવાઓ છતાં, સામાન્ય વરસાદમાં લીકેજની સમસ્યા સામે આવતા એરપોર્ટની ગુણવત્તા પર સવાલો ઉઠી રહ્યા છે.

# અષ્ટાંગ યોગથી સમાધિ સુધીની સફર

### આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ''Yoga for One Earth, One Health'' ની થીમ પર રાખવામાં આવેલ છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિશ્વભરમાં આજે ઉજવાતા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની પૃષ્ઠભૂમિ ખૂબ જ ગૌરવપૂર્ણ છે. યોગ એ ભારતની પવિત્ર ધરતી પર જન્મેલી એક એવી વિદ્યા છે જે શરીર, મન અને આત્માને સુખ, શાંતિ અને સમતોલતામાં જાળવી રાખે છે. યોગનો ઉદ્ભવ વેદ કાળથી પણ અગાઉનો છે. ઋગ્વેદ, ઉપનિષદો અને મહાભારત જેવા ગ્રંથોમાં યોગના સ્વરૂપોનો ઉલ્લેખ જોવા મળે છે. યોગ શબ્દનું મૂળ ''યુજ'' શબ્દમાંથી આવ્યું છે, જેનો અર્થ છે જોડાણ આત્માનું પરમાત્મા સાથેનું મિલન જે ''અષ્ટાંગ યોગથી સમાધિ સુધીની સફર''. આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ''Yoga for One Earth, One Health'' ની થીમ પર રાખવામાં આવેલ છે,

**પ્રાસંગિકઃ અરૂણ નિર્મળ**

# વિજયભાઇ રૂપાણીને રેલ્વે યુનિયન પ્રતિનિધી રાજેશ મહેતાની શ્રધ્ધાંજલિ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

વેસ્ટર્ન રેલ્વે એમ્પ્લોઇઝ યુનિયનના ડીવીઝનલ વાઇસ ચેરમેન રાજેશ મહેતાએ સ્વ.વિજયભાઇ રૂપાણીની શ્રધ્ધાંજલિ સભામાં ઉપસ્થિત રહી શ્રધ્ધાસુમન પાઠવ્યા હતા. અંજલીબેન રૂપાણી અને ઋષભ રૂપાણીને રૂબરૂ મળી સાંત્વના પાઠવી હતી.

ચોથી જાગીરનો પડકાર
મુખ્ય સમાચાર
સાંધ્ય દૈનિક

# ઉપલેટાની નવ્યાની જન્મજાત હૃદયની ખામી દૂર કરી નવજીવન આપતો "રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ"

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરકારના "રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ" હેઠળ બાળકોને નિશુલ્ક સારવાર દ્વારા સ્વસ્થતા પ્રદાન કરવામાં આવે છે. આ યોજના અન્વયે રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના પડવલા ગામની નવ્યાબેન કરોતરાની જન્મથી જ હૃદયની ખામીની નિશુલ્ક સારવાર કરીને સ્વસ્થ જીવન પ્રદાન કરવામાં આવ્યું હતું.



વર્ષ ૨૦૧૭માં જન્મેલી નવ્યાનો પરિવાર આર્થિક રીતે નબળો છે. તેમના પિતા પંકજભાઈ કરોતરા પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. નવ્યા નાનપણથી જ વારંવાર બીમાર રહેતી હતી. તેણીને ઊપલેટામાં બાળકોના ડોકટર ભાલોડીયા પાસે તપાસ કરાવી ત્યારે નવ્યાને હૃદયની બીમારી હોવાનું પ્રાથમિક નિદાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નવ્યાને ડી.ઈ.આઈ.સી. સિવીલ હોસ્પિટલ રાજકોટ ખાતે વધુ તપાસ માટે રીફર કર્યા તે વખતે તેણીને હૃદયની ખામી હોવાનું નિદાન થયું તથા વધુ સારવાર માટે યુ.એન. મહેતા હોસ્પિટલ અમદાવાદ ખાતે જવા જણાવ્યું હતું.

આ સાંભળી નવ્યાના માતા-પિતા દુઃખી થયાં એ દરમિયાન આર.બી.એસ.કે. ટીમ અને સિવિલ હોસ્પિટલના ડોકટર્સની ટીમે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ વિશે માહિતગાર કર્યા હતા. તેમજ સરકારના આર.બી.એસ.કે. અન્વયે તમામ ખર્ચ ઉઠાવવામાં આવશે તેમ જણાવ્યું હતું. આ વાત જાણ્યા બાદ નવ્યાના માતા-પિતાને હાશકારો થયો. અને નવ્યાની સારવાર કરાવવા સંમત થયા હતા.

અમદાવાદ સ્થિત યુ.એન. મહેતા હોસ્પિટલના નિષ્ણાંત તબીબોએ નવ્યાનું ઓપરેશન સફળતા પૂર્વક પૂર્ણ કર્યું હતું અને ઓપરેશન પછીના ફોલોઅપ પણ કરવામાં આવ્યા હતા.

જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.આર.આર. ફુલમાલીના માર્ગદર્શન મુજબ "રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ" હેઠળ જિલ્લામાં થતી સારી કામગીરી માટે દીકરી નવ્યાના માતા-પિતાએ આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજકોટ જિલ્લામાં ૨૨મી જૂન સુધીમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ૧૯મીથી ૨૨ જૂન દરમિયાન ભેજવાળું અને વાદળછાયું હવામાન રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ભારત સરકારના હવામાન ખાતા તરફથી મળેલી હવામાન માહિતી અનુસાર જુનાગઢ કૃષિ યુનિવર્સીટીના ગ્રામીણ કૃષિ મોસમ સેવા વિભાગ, તરઘડીયા દ્વારા આગાહી કરવામાં આવી છે કે, રાજકોટ જિલ્લામાં ૨૨મી જૂન સુધીમાં મધ્યમથી ભારે વરસાદ થવાની શક્યતા છે. આ સમયગાળામાં દિવસ દરમિયાન તાપમાન ૨૮થી ૩૦ ડિગ્રી જ્યારે રાત્રિ તાપમાન ૨૨-૨૩ ડિગ્રી જેટલું રહેવાની સંભાવના છે. જ્યારે મહત્તમ ભેજનું પ્રમાણ ૯૫-૯૫ ટકા તથા લઘુતમ ભેજનું પ્રમાણ ૮૫-૮૫ ટકા રહી શકે છે. પવનની દિશા પશ્ચિમ અને નૈઋત્યની રહેવાની અને પવનની ઝડપ ૧૪થી ૧૮ કિલોમીટર રહેવાની શક્યતા છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

# કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયાની અધ્યક્ષતામાં રાજકોટ જિલ્લા કક્ષાની ઉજવણી કરાશે

'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત આયોજિત યોગ શિબિરનો લાભ લેવા અનુરોધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિશ્વભરમાં તા. ૨૧ જૂન 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ' થીમ આધારિત ૧૧માં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી થનારી છે. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની જિલ્લા કક્ષાની ઉજવણી માટે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયાની અધ્યક્ષતામાં યોગ શિબિર યોજાશે. આ કાર્યક્રમ રાજકોટ શહેરમાં વિમલનગર મેઈન રોડ પર પ્રેમમંદિર પાછળ આવેલા મલ્ટીપર્પઝ સ્પોર્ટ્સ સંકુલ ખાતે શનિવારે સવારે ૬ કલાકથી સવારે ૮ કલાક સુધી યોજાનાર છે.

આ કાર્યક્રમમાં મેયરશ્રી નયનાબેન પેઢડીયા, જિલ્લા પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ, જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવ-ળીયા, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદ સર્વે પરસોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરીયા, શ્રી કેસરીદેવસિંહ ઝાલા, ધારાસભ્યો સર્વ ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો. દર્શિતાબેન શાહ, જયેશભાઈ રાદડીયા, ગીતાબા જાડેજા, ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, દુર્લભજીભાઈ દેથરીયા, જીતુભાઈ સોમાણી તથા જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવીણાબેન રંગાણી ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ શિબિરાર્થીઓ માટે સૂચના અપાઈ છે. જે મુજબ નાગરિકોએ સવારે ખાલી પેટે આવવાનું રહેશે. દરેક નાગરિકે ખુલ્લો, સારો પોશાક પહેરવો આવશ્યક છે. બરમુડા, ટૂંકા વસ્ત્રોની મનાઈ છે. મહિલાઓએ સલવાર કુર્તા ડ્રેસ પહેરવાનો રહેશે. જેથી, યોગ અભ્યાસ માટે સાનુકૂળતા રહે. શક્ય હોય તો સફેદ વસ્ત્રો પહેરવાના રહેશે. નાગરિકોએ સમયથી ૩૦ મિનિટ વહેલા આવી સ્થાન મેળવી લેવાનું રહેશે. શિબિરમાં પહોંચવાનો સમય સવારે ૫:૩૦ કલાકનો રહેશે. દરેક નાગરિકે શરીરની અનુકૂળતા મુજબ જ યોગ અભ્યાસ કરવાનો રહેશે. જરૂર જણાય તો નિર્દેશક અથવા સ્વયંસેવકોનો સંપર્ક કરી શકાશે. ત્યારે રાજ્ય યોગ બોર્ડ દ્વારા શહેરીજનોને યોગ શિબિરનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

# પાર્ટી પ્લોટમાંથી અઢી લાખના લાઈટ ડેકોરેશનની તસ્કરો ઉઠાવી ગયા

વરસાદના કારણે નુક્શાન થયું નથીને તે તપાસવા જતાં સામાનની ચોરી થયાનું સામે આવતા ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર પ્રેમવાટીકા પાર્ટી પ્લોટમાં રાખવામાં આવેલા અઢી લાખના લાઈટ ડેકોરેશનના સામાનની અજાણ્યા શખ્સો ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાતા યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ વાવડીમાં ૮૦ ફૂટ રોડ ઉપર સુરભી એપાર્ટમેન્ટમાં રહેતા અને પ્રમુખ લાઈટ ડેકોરેશન નામે વ્યવસાય કરતા વિપુલભાઈ જીવરાજભાઈ પેઢડિયા ઉ.વ. ૩૨ એ યુનિવર્સિટી પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યા મુજબ તેઓ પ્રસંગોપાત ઓર્ડર પ્રમાણે લાઈટ ડેકોરેશન કરી આપવાનું કામ કરે છે અને આ લાઈટ ડેકોરેશનનો સામાન નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આવેલા પ્રેમ વાટીકા પાર્ટી પ્લોટમાં ખુલ્લી જગ્યામાં રાખતા હોય ચોમાસાની સિઝન આવતા તેઓ ગત તા. ૨૨-૫ ના રોજ છેલ્લો ઓર્ડર પુરો કરી આ પાર્ટી પ્લોટમાં લાઈટ ડેકોરેશનનો સામાન તાલપત્રીથી ઢાંકીને રાખવામાં આવ્યો હતો. દરમિયાન છેલ્લા ચાર-પાંચ દિવસથી ભારે વરસાદ પડતા તેઓ વરસાદના કારણે લાઈટ ડેકોરેશનના સામાનમાં નુક્શાન થયું નથી ને તે તપાસ કરવા માટે પાર્ટી પ્લોટ ખાતે ગયા હતાં ત્યારે તાલપત્રી ઢાંકીને રાખેલો સામાન જોવામાં ન આવતા આ સામાનની ચોરી થયાનું જાણવા મળ્યું હતું. કોઈ અજાણ્યા શખ્સો લાઈટ ડેકોરેશનના સામાનની પારલાઈટ નંગ ૭૨, વામલાઈટ નંગ ૨૫, અલગ અલગ કેબલ આસરે ૨૦૦૦ મીટર, લેમ્પની લીડ નંગ ૧૦, લેમ્પ નંગ ૧૨૦, પ્લગ પોઈન્ટ નંગ ૩૦, પેનલ પેટી નંગ ૪, પારલાઈટના સ્ટેન્ડ નંગ ૨ મળી કુલ રૂપિયા ૨.૫૦ લાખનો સમામાન ચોરી કરી ગયાનું જણાઈ આવતા તેમણે યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી પીએસઆઈ વી.જી. ડોડિયાએ વધુ તપાસ હાથ ધરી છે.

જૂના કપડાં આપો, નવી થેલી લઈ જાઓ

# ગોંડલમાં જૂના કપડાંનો સદુપયોગ કરીને કાપડની થેલીઓ બનાવી આપતી સખી મંડળની બહેનો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાની ગોંડલ નગરપાલિકાની સ્વચ્છ ભારત મિશન (અર્બન) અને અર્બન લાઈવલીહુડ મિશનની શાખાઓના સંયુક્ત ઉપક્રમે 'માય થેલી' અભિયાન અંતર્ગત જૂના કપડાંમાંથી નવી થેલી બનાવવાની કામગીરી હાથ ધરાઈ હતી. રાજકોટ મહાનગરપાલિકાના આ અભિયાનનો ઉદ્દેશ પ્લાસ્ટિકના ઉપયોગને ઘટાડવા અને પર્યાવરણ જતન પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. આ તકે સખી મંડળની બહેનો દ્વારા જૂના કપડાંનો સદુપયોગ કરીને તેમાંથી વિનામૂલ્યે કાપડની થેલીઓ બનાવી આપવામાં આવી હતી. આમ, આ પહેલથી પર્યાવરણ સંરક્ષણની સાથેસાથે સખી મંડળની બહેનોના કૌશલ્યને પણ પ્રોત્સાહન મળી રહ્યું છે.



# ભાયાવદરમાં નિર્મળ પથની બેઠકો પર વોલ પેઈન્ટિંગની કામગીરી કરતી નગરપાલિકા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ભાયાવદર શહેરને આઈકોનિક અને નિર્મળ બનાવવા ભાયાવદર નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ મુખ્ય વિસ્તારોના રસ્તાઓને કે જેમાં ખાસ આઈકોનિક સ્થળોનો સમાવેશ કરી વિશેષ નિર્મળ પથનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જેમાં શહેરનું મુખ્ય સર્કલ અને પ્રવેશ દ્વાર સહિતના રોડને સુંદર લાઈટ, રાહદારીઓ માટે બેઠકો સહિત વિશેષ સુવિધાઓ સાથે વિકસાવવ-ામાં આવી રહ્યું છે.




નિર્મળ પથ પર નગરપાલિકા દ્વારા વિશેષ માવજત લેવામાં આવી રહી છે. ભાયાવદર નગરપાલિકા દ્વારા નિર્મળ પથ પર આકર્ષક ફ્લાવર બેડ આકારની બેઠકો પર વોલ પેઈન્ટિંગની કામગીરી કરવામાં આવી હતી. નિર્મળ પથના નિર્માણ દ્વારા ભાયાવદર શહેરને વિશિષ્ટ અને સ્વચ્છ આઈકોનિક પ્લેસ તરીકે વિકસાવવાનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. હાલ આ પથનું નિર્માણ કાર્ય પ્રગતિ હેઠળ છે.

# લાઠીદડ પાસે કાર પાણીમાં તણાતાં સાસુ-વહુ સહિત ૭નાં મોત

માતા-પિતાના મોતથી પ્રજ્ઞાચક્ષુ પુત્ર-પૌત્રનું હૈયાફાટ રૂદન

**મુખ્ય સમાચાર, બોટાદ**

બોટાદ પંથકમાં બે દિવસથી પડી રહેલા ભારે વરસાદને લીધે બોટાદ જીલ ના લાઠીદડ ગામે ઈકો કાર પાણીમાં નણાઈ ગઈ હતી. જેમાં સાત લોકો ગુમ થયા હતા જેમાંથી વિંછીયા ખાતે એતા સાસુ-વહુના મૃતદેહ પ્રથમ દિવસે મળી આવતા ગઈકાલે વિંછીયા ખાતે તેમની અંતિમવિધિ કરવામાં આવી હતી. જુજ્યારે બનાવના બીજા દિવસે અન્ય પાંચ વ્યક્તિના મૃતદેહ મળ્યા હતા.



બે દિવસ પહેલા શિવરાજગઢથી બાબુભાઈ તુલસીભાઈ ચૌહાણ (ઉ.૫.૭૫), તેમના પત્નિ શારદાબેન બાબુભાઈ ચૌહાણ અને લાહીદંડથી

રોકાવા આવેલ દીકુબેન મહેશભાઈ ચૌહાણ (ઉ.વ.૧૭) વિંછીયા આવેલા હતા. વિછીયાથી ઈકો કાર સાઈ વિછીયા રહેતા પશવંતભાઈ કનુભાઈ વાવેતા, પશવંતભાઈના માતા મંજુબેન અને પત્નિ નયનાબેન સહિત ૬ જણા લાહીદડ જવા નિકળ્યા હતા.

જણા લાઠીદડથી માત્ર ૩ કિ.મી. દુર આવેલા સાંગાવદર ગામે સુરધનદાદાના મંદીરે માનતા પુરી કરી પરત આવતા હતા એ દરમિયાન સાંગાવદર અને લાહીદડ વચ્ચે પાણીના પ્રવાહમાં કાર અર્થ થતા તમામ મુસાલો નીચે ઉતર્યા હતા. આપાનક પાણીનો પ્રયાત વધતા તથાય લોકો તણાવા લાગ્યા હતા. આ દરમિયાન પાવંતભાઈ અને પ્રપંકભાઈ મહામુસીબતે બહાર નિકળી શક્યા જયારે બાજુભાઈ, તેમના પત્નિ શારદાબેન તેમજ મંજુબેન ઉમર લાયક હોય પહાર નિકળી શક્યા નહી તેમજ નયનાબેન, નીતાબેન, રીનુબેન અને દીકુબેન તરતા આવડતુ ન હોય તેખો પણ ધરામસતા પાણીના પ્રવાહમાં તણાઈ ગયા હતા. એમ.ડી.બાર.એફ. સ્થાનીક ફ્રાવર જવાનો, પોલીસ સહિતના શોધખોળ કર્યા બાદ કારિયાણી ગામ પાસે આવેલ ડેમમાંથી મૃતદેહ મળ્યા હતા. આ દુર્ઘટનાનો ભોગ બનેલા બાજુભાઈ તુલસીભાઈ મૌહાણ નિવૃત કંડક્ટર હતા તેમને સંતાનમાં બે પુત્રો છે જેમાંથી મોટા પુત્ર નવિનભાઈ પ્રક્ષાચક્ષુ હોય અપરણિત છે જયારે બીજા પુત્ર અશ્વિનભાઈ પરણિત છે તેમને પણ એક પુત્ર છે પરંતુ વર્ષો પહેલા પત્નિ સાથે મનમેળ ન રહેતા છુટા-છેડા થઈ લીધા હતાં. આ દુર્ઘટનામાં બાબુભાઈ સાથે

તેમના પત્નિ શારદાબેનનુ પણ મોત નીપયું છે. ત્યારે તેમના પ્રસાયણ પુત્ર અને પોત્રના રોયાહાટ દને બધાને રડાવી દીધા હતા

પુત્ર શિવરાજગઢના અને હાલ લાહીદડ ખાતે રહી ખાનગી દવાખાને નોકરી કરતા પ્રિયંકભાઈ મહેશભાઈ મીતારણએ આખો પરિવાર ગુમાવ્યો છે. પ્રિયંકભાઈના પિતા મહેશભાઈનું અગાઉ અવસાન થયું હતું. પ્રિયંકભાઈ હાલ માત અને બે બહેનો સાથે લાઠીદડ હેતો હતો. આ બનાવમાં માતા અને બે બહેનોનું પણ મોત નીપવું છે. મૃત્યુ પામનાર તમામ સાત લોકોના મૃતોટનું લાઠીદડ સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રી નીમુબેન પાંભલિયાખે પણ લાહીદડ આરોગ્ય કેન્દ્ર ખાતે બ જઈને મૃત્યુ પામનાર લોકોના પરિવારજનોને ચ મળીને શાંત્વના આપી હતી. આ બનાવને પગલે લીછીયા તથા લાહીદડ ગામમાં શોક ફેલાયો છે.

# ન્યારાના પાટિયા પાસે વાડીમાં ત્રણ સંતાનોની માતાએ કુંવારા પ્રેમી સાથે જીવન ટુંકાવ્યું

અગાઉ વાડીએ પરિવાર સાથે મજુરી કરતી હતી ત્યારથી બન્ને વચ્ચે પ્રેમસંબંધ હતોઃ સજોડે ઝેરી દવા પીધા બાદ યુવાને નાનાભાઈને ફોન કરી ઘટનાની જાણ કરીતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રેમસંબંધમાં ત્રણ સંતાનની માતાએ ગઈકાલ રાત્રીના કુંવારા પ્રેમી સાથે ભાગી પડધરી પંથકની વાડીમાં ઝેરી દવા પી જીવન ટુંકાવી લીધું હતું. બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે ની માહિતી મુજબ ન્યારાના પાટીયા નજીક અંજલી ફાર્મ પાસે આવેલી એક વાડીમાં સવારે અજાણ્યા સ્ત્રી-પુરૂષ બેભાન હોઈ અને બન્ને ઝેરી પીધું હોય તેવું જણાતું ત્યાંથી નીકળેલા રાહદારીએ પડધરી પોલીસ અને ૧૦૮ને જાણ કરી હતી. દરમ્યાન ઈએમટી સહિતનાએ પુરૂષને તપાસી મૃત જાહેર કર્યો હતો. જયારે મહિલાને બેભાન હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડતા ટુંકી સારવાર દરમ્યાન તેણીએ પણ હોસ્પિ.ના બિછાને દમ તોડી દેતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી પડધરી પોલીસને જાણ કરતા પીઆઈ એસ.એન.પરમાર સહિતનો સ્ટાફ દોડી જઈ તપાસ હાથ ધરતા મૃતક યુવાન



પાસેથી ફોન, આધાર કાર્ડ સહિતના આધારે ઓળખ થતા તેના પરિવારને જાણ કરી હતી.મૃતક યુવાનનું નામ વિનોદ બાબુભાઈ જાવીયા ઉ.૩૭ હોવાનું અને તે અમરેલીના માછીયાળાનો વતની હોવાનું ખુલ્યું હતું.મૃતક બેભાઈમાં નાનો અને અપરિણીત હોવાનું જાણવા મળ્યું હતું.તેમજ મૃતક યુવાન સાથે આપઘાત કરનાર મહિલા મૂળ મધ્યપ્રદેશના હાલ મૃતકની વાડીમાં જ પરિવાર સાથે રહી ખેત મજુરી કરતી હતી.તેણીને ત્રણ સંતાન છે.

પ્રાથમિક તપાસમાં યુવાન અને ત્રણ સંતાનની માતા વચ્ચે પ્રેમસંબંધ હોવાની તેના પરિવારને જાણ થતાં સાવરકુંડલા પંથકની વાડીમાં પતિ સહિત સંતાનો સાથે રહેતી હતી.પરિવાર બન્નેને એક નહીં થવા દે જેથી ગઈકાલ રાત્રીના બન્ને ભાગી જઈ સજોડે દવા પી જીવન ટુંકાવી લીધું હોવાનું જાણવા મળ્યું છે.

# ડી માર્ટ પાછળ રહેતી પરિણીતાનો ગૃહ કલેશથી કંટાળી આપઘાતનો પ્રયાસ

માનસરોવરમાં યુવતીએ ઉંઘની વધુ પડતી ગોળીઓ ખાઈ લેતા સારવારમાં ખસેડાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા મોરબી રોડ પર જકાત નાકા વર્ષના પાસે રહેતી પરણીતાએ ગૃહ કલેશથી કંટાળી બીમારીની વધુ પડતી દવા પી લીધી હતી. પરીણીતાને ઝેરી અસર થતા સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવી હતી.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ કુવાડવા રોડ પર ડી માર્ટ પાછળ રહેતી સિંભિ પર જકાત નાકા પાસે રહેતા પોતાનાં પિતા સવજીભાઈનાં ઘરે હતી. ત્યારે બીમારીને વધુ પડતી ગોળીઓ પી લીધી હતી. પરીણીતાને ઝેરી અસર થતા તાત્કાલીક સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામા આવી હતી. પ્રાથમીક પુછપરછમા મોનીકાબેનનાં ૬ વર્ષ પુર્વે લગ્ન થયા છે. અને તેણીને સંતાનમા એક દીકરી છે. અને ઘર જમાઈ મોનીકાબેન ગૃહ કલેશથી કંટાળી પગલુ ભર્યું હોવાનુ જાણવા મળ્યુ છે.

બીજા બનાવમા આજી ડેમ ચોકડી પાસે આવેલ માન સરોવરમાં રહેતી ભુમીકાબેન જીતેન્દ્રભાઈ ખીમસુરીયા નામની ૧૯ વર્ષની યુવતી સાંજનાં સાડા છએક વાગ્યાનાં અરસામા પોતાનાં ઘરે હતી. ત્યારે કોઈ અગમ્ય કારણસર ઉંઘની વધુ પડતી ગોળીઓ પી લીધી હતી . યુવતીની તબીયત લથડતા સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરવામા આવી હતી. ઉપરોકત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં વૃધ્ધાના ગળામાંથી એક લાખના ચેનની ચીલઝડપ

બ્રહ્માકુમારીઝ સેન્ટરે જતા વૃદ્ધાનો ચેન ઝૂંટવી નાસી છૂટેલા બાઈક સવાર સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોટા મોવા સેલેનિયમ સ્કેવરની સામે આવેલી શિવમ પાર્ક શેરી નંબર.૧માં રહેતા સમજુબેન ડાયાભાઈ સંખાવરા (ઉ.વ.૬૫) ગઈકાલે સાંજે બ્રમહાકુ મારી ઓમશાંતી સેન્ટર ખાતે ધ્યાન કરવા જતા હતા ત્યારે સેલેનિયમ સ્કવેર નજીક પાછળ આવેલા બાઈક સવારે સમજુબેનના ગળા પરથી ઝોટ મારી એક લાખના સોનાના ચેઈનની ચિલઝડપ કરી હતી. આ મામલે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. સમજુબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું તા.૧૮/૦૬ના રોજ સાંજના પોણા પાંચ વાગ્યાની આસપાસ હું મારા ઘરેથી ઘરની બાજુમાં આવેલ બ્રમહાકુમારી ઓમશાંતી સેન્ટર ખાતે ધ્યાન કરવા જતી હતી ત્યારે મારા ઘરથી આશરે ૨૦૦ ફુટ માસુમ સ્કુલ વાળા રોડ ઉપર પહોચતા હુ ચાલીને જતી હતી ત્યારે મારી પાછળથી એક બાઈક આવેલ અને તેમણે તેમનુ બાઈક મારી બાજુમા ચલાવેલ અને અચાનક મારા ગળામાથી તેમણે મે પહેરેલ સોનાનો ચેઇન ખેંચી લઇ અને ત્યાથી પુરઝડપે પોતાનુ બાઈક ચલાવી નીકળી ગયેલ જેથી હુ ગભરાઇ ગયેલ અને તરત જ મારા ઘરે ગયેલ અને મારા ઘરે મે આ બાબતે મારા પુત્રને વાત કરતા તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.આ મામલે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.

# ઈવનિંગપોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યા નો કાર્યક્રમ

તા. ૨૩ થી ૨૬ તથા ૨૮ અને ૨૯ જૂનના યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા ૨૩/૦૬/૨૫ ને સોમવાર નાં રોજ ૫૩૦ કલાકે "સુર સંગીત કી સરગમ" દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા.૨૫/૦૬/૨૫ ને બુધવાર નાં રોજ ૫૩૦ કલાકે " મુકેશ ફેન કલબ" દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા .૨૬/૦૬/૨૫ ને ગુરુવાર નાં રોજ ૫૩૦ કલાકે "રાધે મ્યુઝીકલ ગ્રુપ" દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તેમજ તા. ૨૮/૦૬/૨૫ ને શનિવાર નાં રોજ "કિશોર કુમાર હિટ સોંગ ગ્રુપ" દ્વારા ૫૩૦ કલાકે એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૨૯/૦૬/૨૫ ને રવિવાર નાં "આર. કે. ઈવેન્ટ" દ્વારા ૫૩૦ કલાકે એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે જુના હિન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઇકાર્ડ ઉપર પ્રવેશ મળશે આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે તેના વગર પ્રવેશ નહિ મળે તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા અને સહ ઇન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, સલીમભાઈ જેડા, મનસુખભાઈ વાવેચા, પ્રફુલભાઈ પ્રભુદાસભાઈ સોનેજી, રાકેશકુમાર, રજન્દ્રભાઈ જગડા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટમાં હૃદયરોગનો હુમલો વધુ બે માનવ જીંદગી ભરખી ગયો

આધેડ અને શ્રમિક યુવાનનુ હાર્ટ બેસી જતા મોત; પરિવારમાં શોક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહીત રાજયભરનાં હૃદય રોગનાં હુમલાનો ખતરો યથાવત હોય તેમ વધુ બે માનવ જીંદગી કાળનાં ખપરમાં હોમાઈ છે જેમા મોકાજી સર્કલ પાસે આધેડ અને ગોપાલ ચોકમા શ્રમીક યુવકનુ હૃદય બેસી જતા મોત નીપજયુ હતુ. આધેડ અને યુવકનાં મોતથી બંને પરીવારમા શોકની લાગણી પ્રસરી છે.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ નાના મવા રોડ પર મોકાજી સર્કલ પાસે આવેલ સિલ્વર ગોલ્ડન રેસીડેન્સીમા રહેતા ચંદુલાલ આંબાભાઈ રૂપાવટીયા નામનાં ૫૮ વર્ષનાં આધેડ પોતાનાં ઘરે હતા ત્યારે સંધ્યા ટાણે બેભાન હાલતમાં ઢળી પડયા હતા. આધેડને તાત્કાલીક સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામા આવ્યા હતા. જયા આધેડની સારવાર કારગત નીવડે તે પુર્વે જ ફરજ પરનાં તબીબે આધેડનું હૃદય રોગનાં હુમલાથી મોત નીપજયુ હોવાનું જાહેર કરતા પરીવારમાં ગમગીની છવાઇ જવા પામી છે. મૃતક આધેડ બે ભાઈ એક બહેનમાં નાના હતા. અને તેમને સંતાનમા એક પુત્રી હોવાનુ જાણવા મળ્યુ છે.

આ ઉપરાંત બીજા બનાવમા સાધુ વાસવાણી રોડ પર ગોપાલ ચોકમા બાંધકામની સાઈટ પર રહેતા હેતુમણી પુરહીરભાઈ નામનો ૪૦ વર્ષનો શ્રમીક યુવાન રાત્રીનાં બાંધકામ સાઈટ પર હતો. ત્યારે હૃદય રોગનો હુમલો આવતા બેભાન હાલતમા સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જયા તેનુ મોત નીપજતા પરીવાર શોકમા ગરકાવ થઇ ગયો છે. મૃતક યુવાન મુળ ઓરીસાનો વતની હોવાનુ જાણવા મળ્યુ છે ઉપરોકત બંને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે .

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# લોધીકાના પીપળીયા (પાળ) અને ધોરાજીમાં જુગાર રમતા ૧૧ પત્તાપ્રેમી ઝડપાયા

## જામકંડોરણાનો બુટલેગર પાસામાં ધકેલાયોઃ દુષ્કર્મના ગુન્હામાં નાસતાફરતો આરોપી શાપર (વે.) પોલીસના હાથે ઝડપાયો







**મુખ્ય સમાચાર, રાજકોટ**

વરસાદી માહોલ શરૂ થયો છે ત્યારે જુગારીઓ પર પટ માંડીને જુગાર રમવાનું શરૂ કરી દીધુ હોય પરંતુ પોલીસે પણ આવા લોકોને દબોચી લેવા બાતમીદારોને નેટવર્ક કામે લગાડી કાર્યવાહી શરૂ કરી છે. લોધીકાના પીપળીયા (પાળ) અને ધોરાજીમાં જુગાર રમતા ૧૧ પત્તાપ્રેમીઓને પોલીસે દબોચી લઇ ૧ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

પ્રથમ દરોડામાં ગ્રામ્ય એલસીબીની ટીમે લોધીકાના પીપળીયા (પાળ) ગામની સીમમાં દરોડો પાડી જુગાર રમતો શૈલેષ કાનજી મકવાણા (રહે. રીબ ગામ), મહેશ ઉકા મીટારીયા, પ્રવિણ મોહન મકવાણા, સવજી ખીમજી પીપળીયા, ગોરધન ભીખા સાકરીયા, મુકેશ વિઠ્ઠલ સાકરીયા સહિત છ પત્તાપ્રેમીઓને દબોચી લઇ રોકડ સહિત રૂ.૫૬૧૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

બીજા દરોડામાં ધોરાજી સીટી પોલીસે બહારપુરામાં પાંચ પીરની વાડી વિસ્તારમાં રહેણાંક મકાનમાં જુગાર ચાલતો હોવાની હકિકતના આધારે દરોડો પાડતા જુગાર રમતો સરફરાજ ઉર્ફે મોટો ગફાર બેલીમ, બોદુ હબિબ કારવા, ઇમરાન ઉર્ફે મોયલો સતાર કટારીયા, ફિરોઝ ઇકબાલ બેલીમ, અઝામ ઉર્ફે દાદો અબુ બાદશાહ સહિત પાંચ શખ્સોને દબોચી લઇ રૂ.૨૫૧૧૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જયારે જામકંડોરણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂના ગુન્હામાં અનેકવાર પોલીસ ચોપડે ચડી ચુકેલો જામનગરના મચ્છર નગરમાં રહેતો યશપાલસિંહ નરેન્દ્રસિંહ જાડેજા નામના શખ્સને ગ્રામ્ય એલસીબીની ટીમે દબોચી લઇ તેની પાસાની દરખાસ્ત તૈયાર કરી જીલ્લા કલેકટરને મોકલાવવામાં આવતા તેના પર જીલ્લા કલેકટર પ્રણવ જોશીએ મહોર લગાવી દેતા પોલીસે પાસાનું વોરંટ બજવણી કરી આ બુટલેગર યશપાલસિંહ જાડેજાને સુરત જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

જયારે અન્ય એક બનાવમાં ભાવનગર જીલ્લાના ઘોઘારોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અગાઉ પોકસોના ગુન્હામાં નાસ્તોફરતો આરોપી હરપાલસિંહ સરવૈયા (રહે. રાણી ગામ, દેપલા તા.જેસર જી.ભાવનગર) નામનો શખ્સ શાપર વેરાવરમાં હોવાની હકિકત મળતા પોલીસે દબોચી લઇ ભાવનગર પોલીસના હવાલે કર્યો છે.

# વેરાવળ લગ્નનોંધણી શાખામાં સર્ટિ કાઢવાના રૂ.૭૩૦૦ની લાંચ લેતા પિયુન ઝડપાયો

## ૪૨ ફાઈલના રૂ.૨૦૦ સુધી રૂ.૭૩૦૦ની માંગણી કરી હતીઃ જાગૃત નાગરિકની ફરિયાદના પગલે લાંચ લેતા રંગેહાથે ઝડપાઈ ગયો

**મુખ્ય સમાચાર, વેરાવળ**

વેરાવળ નગરપાલિકા માં પટાવાળા તરીકે ફરજ બજાવતા અને હાલ લગ્ન નોંધણી શાખામાં ચાર્જમાં હોય તેવા કર્મચારીએ મેરેજ સર્ટીફીકેટ કાઢી આપવા માટે ૪૨ ફાઈલના ૭૩૦૦ની લાંચ માંગતા આ અંગે એસીબીને જાણ કરતા છટકું ગોઠવી આ રકમ લેતા રંગે હાથે ઝડપાઈ જતા એસીબી પોલીસે કાયદેસર કાર્યવહી હાથ ધરી છે.



વેરાવળ એસીબી પીઆઈ ડી આર ગઢવીએ આપેલી માહિતિ મુજબ વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલીકા કચેરીમાં લગ્ન નોંધણી શાખામાં ચાર્જમાં અને પટાવાળા તરિકે નોકરી કરતા ગોવિંદભાઈ સરમણભાઈ કામળીયા,ઉ.વ.૪૨ દ્વારા એક જાગૃત નાગરીક પાસેથી મેરેજ સર્ટિ.કઢાવવા માટે કુલ-૪૨ ફાઇલો આપેલ જે પૈકી સમૂહલગ્નની ફાઇલ દીઠ રૂ.૧૦૦ તથા અન્ય ફાઇલોના રૂ.૨૦૦ લેખે એમ કુલ ૪૨ ફાઇલના રૂ.૭,૩૦૦ની લાંચની માંગણી કરેલ પરંતુ ફરીયાદી લાંચની રકમ આપવા માગતાં ન હોય ફરીયાદીએ ગીર સોમનાથ એ.સી. બી.નો સંપર્ક કરી ફરીયાદ આપતાં ફરીયાદ આધારે લાંચના છટકાનું આયોજન કર્યું હતું જે.મુજબ ગોવિંદભાઈ ને વેરાવળ -પાટણ સયુંક્ત નગરપાલીકા, વેરાવળ ખાતે લાંચની રકમ ૭૩૦૦ સ્વિકારી સ્થળ પર રંગેહાથે પકડી લઈ એસીબીએ સફળ ટ્રેપ કરી તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# શાપરમાં પહેલા માળેથી ચાર વર્ષના અને રેલનગરમાં ૧૪ માળેથી પટકાતાં ૩ વર્ષના બાળકનું મોત

## અકસ્માત સબબ બનેલ ઘટનાથી શ્રમિક પરિવારમાં અરેરાટીઃ શાપર અને પ્ર.નગર પોલીસે પરિવારોના નિવેદન નોંધી તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપરમાં પહેલા માળેથી ચાર વર્ષના અને રાજકોટ રેલનગરમાં ૧૪ માળેથી પટકાંતા ૩ વર્ષના બાળકનું મોત નિપજયું હોવાથી શ્રમિક પરિવારમાં શોકનું મોજુ ફરિ વળ્યું છે. બનાવના પગલે શાપર અને પ્ર.નગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.



શાપર-વેરાવળમાં મામાદેવના મંદિર પાસે ગંગેશ્વર ગેઈટ નજીક રહેતાં પરિવારનો ચાર વર્ષનો પુત્ર ઉ.૪ રૂહાન ગતસાંજે ઘરે પહેલા માળે રમતો હતો ત્યારે પગ લપસી જતાં નીચે પટકાંતા માથે-શરીરે ગંભીર ઈજા પહોંચતા તાકિદે શાપર સિવિલ હોસ્પિ.માં ખસેડાયો ત્યાં પ્રાથમિક સારવાર લીધા બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિ.માં ખસેડાયો હતો.જયાં બાળકે ટુંકી સારવાર દરમ્યાન વ્હેલી સવારે હોસ્પિ.ના બિછાને દમ તોડી દેતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી શાપર પોલીસને જાણ કરતા એએસઆઈ બી.ટી.સોલંકી સહિતનો સ્ટાફ દોડી જઈ તપાસ હાથ ધરતા પરિવાર મૂળ યુપીનો વતની છે.

મૃતક ત્રણ ભાઈમાં નાનો હોવાનું જાણવા મળ્યું છે. તેમજ મૂળ ઓરિસ્સાના વતની એક વર્ષ પૂર્વે જ મજુરી કામે રેલનગરના સુવર્ણમ હાઈટ્સ એપાર્ટમેન્ટમાં આવેલા મનોજ મંગરાજનો પુત્ર આયન ગઈકાલ સાંજે ૬ વાગ્યાની આસપાસ ઉપરોકત સ્થળના ૧૪માં માળે રમતો હતો ત્યારે કોઈ કારણોસર નીચે પટકાતા માથે-શરીરે ગંભીર ઈજા પહોંચતા તાકિદે સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કરતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી પ્ર.નગર પોલીસને જાણ કરતા પીએસઆઈ જાડેજા, રાઈટર તૌફીકભાઈ સહિતનો સ્ટાફ દોડી જઈ તપાસ હાથ ધરતા મૃતક બેભાઈમાં નાનો હતો. તેમજ રમતા રમતા પગ લપસી જતાં બનાવ બન્યો હોવાનું જાણવા મળ્યું છે.

# રાજકોટના નવા બસ પોર્ટમાં કનક રોડ તરફના ગેઈટ તૂટી જતા કાર્યવાહી કરવા માંગ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત એસ.ટી મુસાફર હિરાક સમિતિના દિલીપભાઈ આસવાણીની યાદી મુજબ એસ.ટી બસ પોર્ટ પર કનક રોડ ખાતેના ઈલેક્ટ્રીક અંદર અને બહાર જવાના બંને ગેટ ધરાશાયી થયા છે. પરીક્ષામાં ભીડ થવાની જાણ હોવા છ્તા કોઈ પગલા આ ઘટના બની હોવાથી તેઓએ ફરિયદ પણ કરી છે.

કનક રોડ પર ગેઈટ પર લોકરક્ષક દળના ઉમેદવારોનો ભારે ઘસારો અને અંધાધુંધી અને અરાજકતા સર્જાઈ હતી ભારે ધક્કા મૂકી થઈ હતી આ અંગે જવાબદાર કોણ ? અને આ ધક્કા મૂકીને કારણે ગેઈટમાં ભારે નુકસાન થયું છે. સરકારી માલ મિલકતને નુકસાન કરવામાં આવ્યું છે ડેમેજ પબ્લિક પ્રોપર્ટી એક્ટ મુજબ જવાબદાર સામે ગુનો દાખલ કરવા રાજકોટ શહેર પોલીસ કમિશનરને ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિએ લેખિત ફરિયાદ કરી છે. તેમજ તેની નકલ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી, ગુજરાત એસ.ટીના મેનેજિંગ ડાયરેક્ટર અને રાજકોટના વિભાગની નિયામકને પણ નકલો મોકલવામાં આવી છે.

# જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ બોદર અને વકીલ પુત્ર સ્ટેમ્પ ડ્યૂટી ચોરીમાં દંડાયા

## કુલ ૧૦ મિલકતધારકોને ૨૭.૫૦ લાખનો દંડ ફટકારાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે ચાલી રહેલા સ્ટેમ્પ ડ્યુટી કૌભાંડનો પર્દાફાશ થયો છે. બાંધકામ ક્ષેત્રે બિલ્ટઅપને બદલે કાર્પેટ વિસ્તાર મુજબ દસ્તાવેજ નોંધણી કરીને તેમજ બાંધકામ ઓછું દર્શાવીને સ્ટેમ્પ ડ્યુટીની ચોરી કરવાના કારસ્તાનને શહેરના સ્ટેમ્પ ડ્યુટીના નાયબ કલેક્ટરે ઝડપી પાડ્યું છે. આ પ્રકરણમાં રાજકોટ જિલ્લા પંચાયતના ભૂતપૂર્વ પ્રમુખ સહિત કુલ ૧૦ આસામીઓને રૂ. ૨૭.૫૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.



પ્રાથમિક તપાસ, માલવીયા ચોક, પ્રમુખ સ્વામી આર્કેડ બિલ્ડીંગમાં આવેલી રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભુપતભાઈ જસમત બોદર અને એડવોકેટના પુત્ર સૌમિલ દિલીપ પટેલની ઓફિસમાં બીલ્ટઅપને બદલે કાર્પેટ મુજબ દસ્તાવેજ નોંધણી કરીને સ્ટેમ્પ ડ્યુટીની ચોરી કરવામાં આવી હોવાનું ખુલ્યું છે.

આ ગેરરીતિ પકડાતા, કચેરી દ્વારા ત્વરિત કાર્યવાહી કરીને રૂ. ૪૩,૩૨૬ ની ખૂટતી સ્ટેમ્પડયુટી વસૂલવા માટે નોટિસ ફટકારવામાં આવી હતી. આ કેસ ચાલતા, સંડોવાયેલા આસામીઓને રૂ. ૧,૫૫,૦૭૪ નો દંડ સહિત કુલ રકમ રૂ. ૧,૯૯,૩૦૦ નો દંડ ભરવા માટેનો હુકમ કરવામાં આવ્યો છે. આ કૌભાંડમાં કુલ ૧૦ આસામીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

વાવડી સર્વે નંબર ૧૮ પૈકી ૧ પૈકી ૭ માં આવેલી મિલકતમાં ત્રણ આસામીઓએ બાંધકામ ઓછું દર્શાવી દસ્તાવેજની નોંધણી કરાવી હતી. આથી સરકારી તંત્રએ સ્થળ પર જઈને તપાસ કરતા બાંધકામ વધુ મળી આવતા ત્રણેય આસામીઓને ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી રૂ. ૧,૫૩,૧૪૦, અને તેટલી જ રકમનો દંડ રૂ. ૧,૫૩,૧૪૦ મળી કુલ રૂ. ૩,૧૦,૮૭૪ નો દંડ ફટકારવામાં આવ્યો છે.

# ટ્રેક્ટર ખરીદીના બાકી રકમનો ચેક રિટન કેસમાં આરોપીને દોઢ વર્ષની સજા

## પોરબંદરની પ્રોપરાઈટર પેઢીના માલિક અનિલ જેઠાભાઈ ઓડેદરાને ટ્રેક્ટર ખરીદી પેટે આપેલ ચેક પરત ફરવાના ગુન્હામાં દોઢ વર્ષની સજા તથા વળતર ચુકવવા હુકમ ફરમાવતી રાજકોટ એડી.ચીફ કોર્ટ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સ્થિત વી.પી.ઓટોમોબાઈલ્સ(સોનલિકા ટ્રેક્ટર્સ)ના મીત ઉદયકુમાર શાહ દ્વારા આ કામના આરોપી ખોડિયાર ટ્રેક્ટર્સના પ્રોપરાઈટર અનિલ જેઠાભાઈ ઓડેદરા વિરુદ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ હતી જેની વિગત એવી છે કે, આ કામના ફરીયાદીની પેઢી પાસેથી આરોપી ટ્રેક્ટર્સ લઈને વેચવાનું કામ કરતાં હોય આરોપીએ ફરીયાદી પાસેથી ૧૨ ટ્રેક્ટર મંગાવેલ હોય જેની કિંમત રૂ.૭૪,૮૫,૪૧૩/- થતી હોય જે પૈકી ૭ બિલો આરોપીએ પોતાના નામે તથા ૫ બિલો આરોપીની સૂચના મુજબ સીધા ગ્રાહકોના નામે બનાવવાનું જણાવી ફરીયાદી પાસેથી ટ્રેક્ટર્સ મેળવી રૂ.૫૧,૩૨,૭૭૦/- આર.ટી.જી.એસ. થી ચુકવેલ અને બાકી રહેતી રકમ ૨૩,૫૨,૬૪૩/- નહીં ચુકવીને વિશ્વાસઘાત છેતરપિંડી કરી ફરિયાદીનું કાયદેસરનું લેણું ડુબાડેલ હોય જેથી ફરિયાદીએ આરોપી દ્વારા અપાયેલ રૂ.૨૩,૫૨,૬૪૩/- નો ચેક પોતાની બેન્કમાં નાખતા ચેક આરોપીના ખાતામાં પૈસા નહીં હોવાથી પરત ફરેલ જેની ફરીયાદી દ્વારા લીગલ નોટીસ આપી આરોપીને જાણ કરેલ ત્યારબાદ રાજકોટના મહે.એડી. ચીફ.જ્યુ.મેજી. સાહેબની કોર્ટમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબનો કેસ દાખલ કરેલ જે કેસ ચાલી જતાં આરોપીદ્વારા એવો બચાવ કરવામાં આવેલ કે, આ રૂ.૨૩,૫૨,૬૪૩/- ચુકવવા માટે પોતે જવાબદાર નથી કારણ કે જે રકમ મેળવવા માટે ફરીયાદી દ્વારા કેસ કરવામાં આવેલ છે તે રકમના બિલો આરોપીની પેઢીના નામના છે જ નહીં જેમના નામના બિલો છે તે ચૂકવવા જવાબદાર છે આરોપીના આ બચાવનું ખંડન કરી ફરીયાદી તરફે થયેલ વિસ્તૃત રજૂઆતો તેમજ લેખિત મૌખિક દલીલો અને ફરીયાદી દ્વારા રજૂ કરવામાં આવેલ ઉચ્ચ ન્યાયાલયોના ચુકાદાઓને ધ્યાને લઈ રાજકોટના એડી.ચીફ.જ્યુ.મેજી સાહેબે આરોપી ખોડિયાર ટ્રેક્ટર્સના પ્રોપરાઈટર અનિલ જેઠાભાઈ ઓડેદરાને દોઢ વર્ષની સજા તેમજ ફરિયાદીની ચેક મુજબની લેણી નિકળતી રકમ એક માસમાં ચુકવી આપવા હુકમ ફરમાવેલ અને જો વળતરની રકમ આરોપી દ્વારા ફરિયાદીને એક માસમાં ચુકવવામાં ન આવે તો વધુ છ માસની કેદની સજાનો હુકમ ફરમાવેલ.

આ કામમાં ફરીયાદી વી.પી.ઓટોમોબાઈલ્સ(સોનલિકા ટ્રેક્ટર્સ)ના મીત ઉદયકુમાર શાહ વતી રાજકોટના એડવોકેટ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા રોકાયેલ હતા.

# શહેરમાં ગણેશ પંડાલમાં CCTV અને ફાયર NOC ફરજિયાતઃ ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર બગડીયા

## નવ ફૂટથી વધુ ઊંચી પ્રતિમા અને સ્થાપન બાદ મૂર્તિ બિનવારસી મુકવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં આ વર્ષે ગણેશ મહોત્સવ નિમીતે તા.૨૭/૦૮/૨૦૨૫ ના રોજ ભગવાન ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે અને સ્થાપના કરવામાં આવેલ ગણેશજીની મુર્તિઓના વિસર્જન સરઘસો કાઢી મુર્તિઓ પાણીમાં વિસર્જન કરી ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. જેમાં અમુક ભાવીકો ધ્વારા આ સ્થાપના કરવામાં આવેલ ગણેશજીની મુર્તિઓને સ્થાપના કર્યાના ત્રીજા દિવસે, પાંચમા દિવસે, સાતમા દિવસે, નવમા દિવસે અને મોટાભાગના ભાવીકો દ્વારા અગીયારમા દિવસે એટલે કે તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ મુર્તિઓના વિસર્જન સરઘસો કાઢી ગણેશજીની મુર્તિઓને નદી કે તળાવમાં પધરાવીને વિસર્જન કરવામાં આવે છે. આ મહોત્સવને અનુલક્ષીને મુર્તિકારો ધ્વારા અગાઉથી મુર્તિઓ તૈયાર કરવામાં આવે છે દરમ્યાન મુર્તિ બનાવવાના સ્થળે ગંદકી થવાના કારણે રોગચાળો ફેલાય નહી



તેમજ કોઈ પણ ધર્મની ધાર્મીક લાગણી દુભાય નહી તેવા કોઇ ચિન્હો કે નિશાનીઓ રાખવામાં ન આવે અને મુર્તિઓની ઉંચાઈનું યોગ્ય ધોરણ જળવાઈ રહે, ઉપરાંત મુર્તિ બનાવવા માટે કેમિકલ યુક્ત રંગોના ઉપયોગ થતો હોય આવી મુર્તિઓને નદી તથા તળાવના પાણીના વિસર્જન કરવાથી પાણીમાં રહેતા પાણી જન્ય જીવો, માછલી તેમજ મનુષ્યને પણ નુકશાન થાય છે, જેથી પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા કેન્દ્રીય પ્રદુષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન મુજબ તેમજ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ ઠરાવો અને સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા મુર્તિઓના વિસર્જન અંગે આપવામાં આવેલ ગાઈડલાઈનને ધ્યાને રાખવી જરૂરી હોય ગુજરાત તથા મહારાષ્ટ્ર હાઈકોર્ટની સુચનાથી આપેલ આદેશ મુજબ પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુથી સાવચેતીના પગલા લેવા ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયાએ જાહેરનામુ બહાર પાડી ગણેશ મહોત્સવને લઈને કેટલાક નિયમો અને પ્રતિબંધો લગાડયા છે. જેમાં ગણેશજીની મુર્તિ પ્લાસ્ટર ઓફ પેરીસની બનાવવા કે વેંચવા કે સ્થાપના કરવા તેમજ ગણેશજીની માટીની મૂર્તિ વધારે બેઠક સહીતની ૯ ફુટ કરતાં વધારે ઊંચાઈની બનાવવા, વેંચવા, સ્થાપના કરવા, તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા ઉપર પ્રતિબંધ ઉપરાંત નકકી કરેલા વિસર્જન સ્થળો અને લીધેલ મંજુરીમાં દર્શાવેલ સ્થળ સિવાય અન્ય કોઈ દરિયા, નદી, તળાવ, કુદરતી જળ સ્ત્રોત કે નદીના ઓવારા ખાતે વિસર્જન કરવા ઉપર પ્રતિબંધ તેમજ મુર્તિકારો જે જગ્યાએ મુર્તિઓ બનાવવાની કામગીરી કરનાર છે તે જગ્યા તથા મુર્તિ જે જગ્યાએ વેંચાણ માટે રાખનાર છે તે જગ્યાની નજીકમાં તથા આજુબાજુમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા-બનાવટમાં પાણીમાં સરળ-તાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલયુક્ત રંગોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ અને ગણેશજીની મૂર્તિઓના સ્થાપના દિવસ બાદ મુર્તિકારોએ વેંચાણમાં ન થયેલી અને સ્થાપનાના દિવસ બાદ બિનવારસી હાલતમાં મુકવા ઉપર પ્રતિબંધ. ઉપરાંત કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઇ ચિન્હો કે નિશાનીવાળી મુર્તિઓ બનાવવા, ખરીદવા, તથા વેંચવા ઉપર તેમજ સ્થાપના કરવા ઉપર પ્રતિબંધ તથા સ્થાપના વિસર્જન સરઘસ યોજવા અંગેની પરમીટમાં દર્શાવેલ ફૂટ સિવાયના અન્ય ફૂટ ઉપર સ્થાપના/વિસર્જન સરઘસ યોજવા ઉપર પ્રતિબંધ લગાવ્યો છે. તેમજ ગણેશ પંડાલમાં ફરજીયાત સીસીટીવી કેમેરા લગાવવા અને ફાયર એક્સર્ટીગ્યુસર (અગ્નિક્ષામક) લગાવ્યા વિના ગણેશ પંડાલનું આયોજન કરવા ઉપર પ્રતિબંધ લગાવ્યો છે.

# રાજકોટના તત્કાલિન PI સહિત બે અધિકારીની ફરજિયાત નિવૃત્તિ

## સરકારના ઓપરેશન ગંગાજળ હેઠળ તાત્કાલિક અસરથી ફરજ મુક્ત કરતો હુકમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારે ઓપરેશન ગંગાજળ હેઠળ રાજકોટનાં પૂર્વ પીઆઈ અને સીઆઈડી ક્રાઈમના પીઆઈ સામે ખાસ મિશન હેઠળ તાત્કાલીક એકશન લઈ આ બન્ને અધિકારીઓને ફરજિયાત નિવૃત્તિ આપીને ઘર ભેગા કરી દીધા છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે છેલ્લા ઘણા સમયથી ખાસ મિશન હેઠળ ભ્રષ્ટ અધિકારીઓ પર એકશન લઈ આવા અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કરીને ઘરભેગા કરવાનું મિશન શરૂ કર્યું કર્યું છે. જેનું નામ ઓપરેશન ગંગાજળ આપવામાં આવ્યું છે. દરમિયાન ભ્રષ્ટાચાર અને ગેરરીતિ આચરનારા આવા અધિકારીઓ સામે સરકારના તમામ વિભાગોને તપાસ કરીને આ અંગેનો રિપોર્ટ આપવા કરેલા આદેશને પગલે ગૃહ વિભાગ દ્વારા આજે બે પીઆઈને ફરજિયાત નિવૃત્તિનો આદેશ આપવામાં આવ્યો છે. જેમાં અગાઉ રાજકોટ બી-ડીવીઝન પોલીસ મથકમાં પીઆઈ તરીકે ફરજ બજાવતાં અને હાલ અમદાવાદ શહેરમાં પીઆઈ તરીકે કાર્યરત એવા વી.જે ફર્નાન્ડીસ અને ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ અને રેલવેમાં ફરજ બજાવતાં પીઆઈ એમ.વી. બતુલને તાત્કાલીક



અસરથી સરકારી સેવામાંથી નિવૃત્ત કરવામાં આવ્યા છે. અત્રે એ વાત ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારે અલગ અલગ વિભાગોમાં ફરજ બજાવતાં ૧૫૦ થી વધુ ભ્રષ્ટ અધિકારીઓની એક યાદી તૈયાર કરી છે. યાદીની સમીક્ષા કરીને તેમને ફરજિયાત ઘરે બેસાડી દેવા માટે રાજ્ય સરકારે તૈયારીઓ શરૂ કરી છે. અગાઉ સરકારે સરદાર સરોવર, નર્મદા નિગમ તેમજ મહેસુલ વિભાગ સહિતનાં વિભાગોમાં ફરજ બજાવતાં ભ્રષ્ટ અધિકારીઓને ઘર ભેગા કરી દીધા છે. પોતાની સત્તાનો ગેર ઉપયોગ કરીને લાભઉઠાવતાં અને ભ્રષ્ટાચાર કરતાં આવા અધિકારીઓ સામે ઓપરેશન ગંગાજળ આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે તેમ સુત્રોએ જણાવ્યું છે.

# કુબલીયાપરામાં મોડી રાત્રે ઝઘડો જોવા ગયેલ સગીરા ગુમ

## થોરાળા પોલીસ મથકમાં અજાણ્યા શખ્સ સામે નોંધાવી અપહરણની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કૂબલીયાપરામાં રહેતા અને બકાલાનો વેપાર કરતાં ૪૦ વર્ષીય મહિલાએ થોરાળા પોલીસ સ્ટેશનમાં તેના દિયરની સગીર દીકરીના અપહરણ અંગે અજાણ્યા શખસ સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે મારા સગા દીયરની દિકરીનો તા-૧૯/૦૧/૨૦૧૧ના રોજ જન્મ થયેલ છે તેણીના જન્મ બાદ તેની માતાનું મોત થતાં તેની આ દિકરીને દતક લીધેલ છે જેથી ત્યારથી અમારી સાથે રહે છે જેની હાલ ઉમર ૧૪ વર્ષ ૫ મહીના છે ગઇ તા. ૧૫/૦૬ના રાત્રીના વારુ પાણી કરી અમે બધા સુઈ ગયા હતા દરમ્યાન મોડી રાત્રીના લતામાં માથાકુટ થતા અમો બધા ઘરની બહાર જોવા નીકળ્યા હતા આ દરમ્યાન અમારી દિકરી પણ ત્યા આવી હતી બાદમા ભાગા-ભાગી થઈ જતાં અમે અમારા ઘરે જતા રહ્યા હતા અને અમારી આ દિકરી ઘરે પરત આવી ન હતી અમે અમારી રીતે તપાસ કરવા છ્તા ક્યાય મળી આવેલ નહી આજદીન સુધી દિકરીની શોધખોળ અને તપાસ કરી છ્તા ક્યાય મળી આવેલ ન હોય જેથી કોઈ અજાણી વ્યકતી અપહરણ કરી લઇ ગયેલ હોવાની શંકાએ અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# ઈન્ટીરીયર ડિઝાઈનર યુવાને ગળાફાંસો ખાઈ જિંદગીથી છેડો ફાડયો

## આપઘાતનું કારણ અકબંધ; ત્રણ બહેનના એકના એક ભાઈના મોતથી પરિવારમાં કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે મવડી વિસ્તારમાં આવેલા જીવરાજ પાર્કમાં ઈન્ટીરીયર ડીઝાઈનર યુવાને અગમ્યકારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૃતક યુવાનને બે વર્ષ પહેલા જ લગ્ન થયા હતાં. ત્રણ બહેનોના એકના એક ભાઈના મોતથી પરિવારમાં ગમગીની છ્વાઈ જવા પામી છે.



આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ, જીવરાજ પાર્કમાં અંબીકા ટાઉનશીપ પાસે આવેલા શિવ ટાઉનશીપ ગર્વમેન્ટ કવાર્ટરમાં વીંગ નં.બી-૫માં રહેતાં વૈભવ છગ્નભાઈ કડછી (ઉ.૩૧) નામના પટેલ યુવાને આજે સવારે પોતાના ઘરે પંખામાં ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં તાલુકા પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં મૃતક વૈભવ ત્રણ બહેનનો એકનો એક નાનો ભાઈ હતો તેના હજુ બે વર્ષ પહેલા લગ્ન થયા હતાં. મૃતક વૈભવ અને તેની પત્ની એકતાબેન બન્ને ઈન્ટીરીયર ડીઝાઈનરનું કામ કરતાં હતાં. આજે સવારે વૈભવે તેના માતા વિજયાબેનના રૂમમાં જઈ આ પગલું ભરી લીધું હતું. જે કે તેણે આપઘાત શા માટે કરી લીધો ? તે અંગે પરિવારજનો પણ અજાણ હોય પોલીસે આપઘાતનું જાણવા વધુ તપાસ હાથ ધરી છે.